Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 7, Issue: 164 Dt.21-04-2022 (Thursday)
સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

## બ્રિટનનાં વડાપ્રધાનનું ગુજરાતમાં આગમન, ભવ્ય સ્વાગત

**બ્રિટનનાં વડાપ્રધાનનાં આગમન સમયે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા**

**ભારત અને બ્રિટન વચ્ચે શિક્ષણ, આરોગ્ય અને ટેકનોલોજીમાં સહયોગ વધારવાની બ્રિટનનાં વડાપ્રધાનની નેમ**




**એરપોર્ટથી ગાંધી આશ્રમ સુધી રોડ-શો યોજાયો, માર્ગમાં સ્વાગતનાં હોર્ડીંગ લગાડાયાઃ એરપોર્ટ પર રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૨૧

બ્રિટનનાં વડાપ્રધાન આજે ગુજરાતની યાત્રાએ આવી પહોંચ્યા છે. અમદાવાદ એરપોર્ટ પર વડાપ્રધાન બોરીસ જોહન્સનનું ભવ્ય અને ઉત્સાહભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જોહન્સનને ઉષ્માભર્યો આવકાર આપ્યો હતો.

એરપોર્ટ પર ઢોલ- નગારા અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે બ્રિટનનાં વડાપ્રધાનને ભવ્ય આવકાર આપવામાં આવ્યો હતો. એરપોર્ટથી ગાંધી આશ્રમ સુધી બ્રિટીશ વડાપ્રધાનનો રોડ-શો યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી પણ એમના કાફલા સાથે જોડાયા હતા. સુભાષબ્રિજ કલેકટર ઓફીસ ખાતે યુકેનાં પીએમનું અભિવાદન કરવા જંગી સંખ્યામાં લોકો જોડાયા હતા.

એરપોર્ટથી ગાંધી આશ્રમ સુધી ૧૫ મિનિટનો રોડ-શો યોજાયો હતો. રસ્તા પર સ્વાગત માટેનાં સ્ટેજ તૈયાર કરાયા હતા. વડાપ્રધાન જોહન્સને કારમાંથી હાથ ઉંચો કરીને લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. રસ્તામાં ઠેરઠેર વેલકમ ગુજરાતનાં હોર્ડીંગ્સ લગાડવામાં આવ્યા હતા. રસ્તાની બંને બાજુ અનેક લોકો એક હાથમાં ભારતનો અને બીજા હાથમાં યુકેનો ધ્વજ ફરકાવતા હતા.

એરપોર્ટ પર સ્વાગત સમયે રાજ્યનાં પ્રોટોકોલ મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદનાં મેયર કિરીટ પરમાર, મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાશનાથન, રાજ્યનાં પોલીસ વડા આશિષ ભાટીયા, જિલ્લા કલેકટર સંદિપ સાંગલે અને અમદાવાદ પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

બ્રિટનનાં વડાપ્રધાન એમની ગુજરાત યાત્રા દરમ્યાન ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની મુલાકાત લેશે. રૂ.૨૦૦ કરોડનાં ખર્ચે ગીફ્ટ સિટીમાં ગુજરાત સરકારનો આ ફ્લેગશિપ પ્રોજેક્ટ આકાર લઇ રહ્યો છે. જેમાં ઉત્પાદનોની નવીનતા સભર વિચારણાને કેન્દ્રમાં રાખીને દેશનાં યુવા માનસને સંશોધન કરવાની તક મળશે. બ્રિટીશ પીએમની મુલાકાત શિક્ષણ, આરોગ્ય, ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહયોગને નવી ઉંચાઈઓ પર લઇ જશે. એવી બ્રિટનને આશા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

## કંડલા પોર્ટ પરથી ૨૫૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

**ગુજરાત એટીએસ અને ડીઆરઆઈની જબરદસ્ત કાર્યવાહીઃ ગુજરાતનાં કાંઠાનો ડ્રગ માફીયાઓ સતત દૂરઉપયોગ કરી રહ્યાનો વધુ એક ચોંકાવનારો ધડાકો**



**અફઘાનિસ્તાનથી આવેલા એક જહાજનાં કન્ટેનરમાંથી ૨૫૦ કિલો હેરોઈન ઝડપાયુંઃ ડ્રગની દાણચોરીની વધુ એક ઘટના બહાર આવતા અનેક એંગલ પર તપાસનો ધમધમાટ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

હજુ થોડા મહિનાઓ પહેલા જ કચ્છનાં મુન્દ્રા બંદરેથી દેશના ઈતિહાસનો સૌથી મોટો નશીલા પદાર્થોનો જથ્થો ઝડપાયો હતો. એ ઘટનાનાં પડઘા હજી શાંત થયા નથી ત્યાં આજે કંડલા બંદરેથી રૂ.૨૫૦૦ કરોડની કિંમતનો હેરોઈન ડ્રગ્સનો જંગી જથ્થો ઝડપાઈ જતા તંત્ર ચોંકી ઉઠ્યું છે અને અલગ- અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ગુજરાતનાં સાગરકાંઠા પર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફીયાઓ અને ખાસ કરીને અફઘાનિસ્તાન અને પાકિસ્તાનનાં ડ્રગ માફીયાઓની લાંબા સમયથી કુડી નજર પડી છે. જેના કારણે અવારનવાર ભારતીય કસ્ટમ, ડીઆરઆઈ અને ગુજરાત એટીએસની બાજ નજરને કારણે ડ્રગ્સનો જંગી જથ્થો પકડાતો રહે છે.

કંડલા પોર્ટ પરથી સતાવાર સુત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ કંડલા પોર્ટ પર પૂર્વ બાતમીનાં આધારે

(અનુ.પાના નં.૪ ઉપર)

**અગાઉ પણ મુન્દ્રા બંદરેથી વિક્રમ સર્જક જથ્થામાં નશીલા પદાર્થોનો જથ્થો ઝડપાયો હતોઃ અફઘાની અને પાકિસ્તાની ડ્રગ માફીયા ટોળકીઓ દ્વારા કચ્છનાં સાગર કાંઠાનો ડ્રગ્સની હેરફેર માટે ઉપયોગઃ દરિયામાં વધુ સઘન પેટ્રોલિંગની આવશ્યકતા**

## મોરેશિયસનાં વડાપ્રધાનની મુલાકાત લેતા મુખ્યમંત્રી

**મોરેશિયસને આયુર્વેદ ઉપચાર પધ્ધતિ માટે મદદ કરવાની ખાતરી આપતાઃ ભુપેન્દ્ર પટેલ, ગાંધીનગર ગીફ્ટ સિટીમાં રોકાણ કરવા મોરેશિયસનો ઈરાદો**



(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાનની હાજરીમાં યોજાયેલા આયુષ રોકાણ અને નવીનતા મહાસંમેલન બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મોરેશિયસનાં વડાપ્રધાન પ્રવિન્દ કુમાર જૂગનાથની સૌજન્ય મુલાકાત લીધી હતી. બંને વચ્ચે રોકાણ સહિતનાં ઘણા બધા મુદ્દાઓ પર ચર્ચા વિચારણા પણ થઇ હતી.

મુખ્યમંત્રી સમારોહ બાદ પ્રધાનમંત્રી જૂગનાથને મળ્યા હતા. આયુર્વેદ સહિતની પ્રાચીન ઉપચાર પધ્ધતિ વિશે મોરેશિયસને મદદ કરવા ચર્ચા થઇ હતી. મોરેશિયસ દ્વારા ગીફ્ટ સિટીમાં રોકાણો અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ સરદાર પટેલની વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા વડાપ્રધાન જૂગનાથને આમંત્રણ આપ્યું હતું. વળવા વિવેકરૂપે જૂગનાથે મોરેશિયસની મુલાકાત લેવા મુખ્યમંત્રીને હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીનાં મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાશનાથન, મુખ્ય સચિવ પંકજ કુમાર, ઉદ્યોગ વિભાગનાં અધિક મુખ્ય સચિવ ડો.રાજીવકુમાર ગુપ્તા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.(૨.૧૨)

## ગુજરાતના આઈટીઆઈના વિદ્યાર્થીઓને ડ્રોનની તાલીમ અપાશે



**ડ્રોન ઉડ્ડયનથી લઈને એસેમ્બલી અને જાળવણી સુધીના અભ્યાસક્રમો મૂલ્યવર્ધિત સેવાઓને પણ આવરી લેવાશે**

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૨૧

રાજ્ય સરકાર ડ્રોન ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ ડિજિટલ સ્કાય પ્લેટફોર્મને અપનાવવા માટે ઉત્તેજના પ્રદાન કરવા માટે નવી નીતિ અમલમાં મૂકવાની યોજના બનાવી રહી છે.રાજ્ય સરકાર રાજ્યમાં માનવ સંસાધનોના વિકાસ માટે ડ્રોનનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. ડ્રોનનો ઉપયોગ શાસનને સુધારવા અને કૃષિ, પોલીસિંગ, સંરક્ષણ અને ખાણકામના ક્ષેત્રોમાં પરિવર્તનશીલ ફેરફારો પ્રાપ્ત કરવા માટે થઈ શકે છે. ગુજરાતમાં ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે વિવિધ શૈક્ષણિક અને વિશિષ્ટ સંસ્થાઓ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.ગુજરાત સરકારે પ્રથમ વખત તેના બજેટમાં ડ્રોન ક્ષેત્ર માટે ભંડોળ ફાળવ્યું હતું. લગભગ ૧૦ હજાર વિદ્યાર્થીઓને ડ્રોનનો ઉપયોગ કરવા અને ઉદ્યોગો અને અન્ય ક્ષેત્રોની જરૂરિયાતો પૂરી કરવા તાલીમ આપવાનું આયોજન કર્યું છે. આ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ આપવામાં આવશે. સરકારનો હેતુ કૌશલ્ય વિકાસ કાર્યક્રમો પ્રદાન કરવા માટે નડ્રોન્સની શાળા સ્થાપિત કરવાનો છે,જેમાં સમગ્ર ડ્રોનના મૂલ્ય-શ્રેણીનો સમાવેશ થાય છે. ડ્રોન ઉડ્ડયનથી લઈને એસેમ્બલી અને જાળવણી સુધીના અભ્યાસક્રમો મૂલ્યવર્ધિત સેવાઓને

(અનુ.પાના નં.૪ ઉપર)

## પાલનપુરમાંથી બુધવારે મધરાતે ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની ધરપકડ

**આસામ પોલીસની કાર્યવાહીથી પ્રદેશ કોંગ્રેસ અને રાજકીય વર્તુળોમાં ખળભળાટઃ આસામમાં નોંધાયેલી ફરિયાદ બદલ પાલનપુર સર્કિટ હાઉસમાંથી ધરપકડ કરાઈ**



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૧

ગુજરાતનાં વડગામ વિસ્તારનાં ધારાસભ્ય અને કોંગ્રેસનાં નેતા જીજ્ઞેશ મેવાણીની બુધવારે મોડીરાત્રે આસામ પોલીસે ધરપકડ કરી લેતા ખળભળાટ મચી ગયો છે. આસામમાં નોંધાયેલી એક એફઆઈઆર બદલ તપાસ માટે ધારાસભ્યને આસામ લઇ જવામાં આવી રહ્યા છે તેમ કોંગ્રેસનાં અન્ય એક નેતા કન્હૈયા કુમારે જણાવ્યું હતું.

કન્હૈયા કુમારે ટ્વીટર પર જાણકારી આપી હતી અને જણાવ્યું હતું કે, ગઈ મોડીરાત્રે આસામ પોલીસે પાલનપુરનાં સર્કિટ હાઉસમાંથી મેવાણીની ધરપકડ કરી લીધી હતી. જો કે મેવાણી સામે થઇ

(અનુ.પાના નં.૪ ઉપર)

## શેર બજારમાં ટનાટન તેજી : સેન્સેકસ ૫૮,૦૦૦ ભણી : રિલાયન્સ રેકોર્ડ હાઈ પર




## દેશમાં કોરોનાના મિક્સ બુસ્ટર ડોઝને ટૂંક સમયમાં મંજૂરી મળશે

(એજન્સી સમાચાર)

ન્યુદિલ્હી, તા.૨૧




ભારતમાં કોરોના વેકિસનને વધુ મજબૂત બનાવવા કોરોનાના મિક્સ બુસ્ટર ડોઝને ટુંક જ સમયમાં મંજૂરી મળી શકે છે કેરળના વેલ્લોરમાં ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ એ કોવિડની રોકથામ માટે મિક્સ બૂસ્ટર ડોઝરની ટ્રાયલ પૂર્ણ કરી છે. તે ટૂંક સમયમાં તેનો રિપોર્ટ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ

**હોમોલોગસ અથવા હેટરોલોગસ એન્ટી-કોવિડ રસીઓનું મિશ્રણ કરીને મિશ્ર બૂસ્ટર ડોઝ તૈયાર કરવાની મંજૂરી આપવા પર વિચારણા**

ઓર્ગેનાઈઝેશન ને સુપરત કરશે. આ પછી, ડ્રગ રેગ્યુલેટર બૂસ્ટર ડોઝને મિશ્રિત કરવાની મંજૂરી આપી શકે છે. આ રસીઓની અસરકારકતામાં વધારો કરી શકે છે. આ પછી હોમોલોગસ અથવા હેટરોલોગસ એન્ટી-કોવિડ રસીઓનું મિશ્રણ કરીને મિશ્ર બૂસ્ટર ડોઝ તૈયાર કરવાની મંજૂરી આપવા પર વિચારણા કરવામાં આવશે. વેલોર કોલેજને રાષ્ટ્રીય દવા નિયમનકાર દ્વારા ગયા વર્ષે મિક્સ બૂસ્ટર ડોઝનું પરીક્ષણ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. વેલ્લોરે તેનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. તે હવે અભ્યાસનો ડેટા તૈયાર કરી રહ્યો છે. સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન બે અઠવાડિયામાં અભ્યાસ અહેવાલની સમીક્ષા કરશે. વરિષ્ઠ રસી નિષ્ણાત ગગનદીપ કાંગની આગેવાની હેઠળએ આ અભ્યાસ હાથ ધર્યો હતો. તેમનું કહેવું છે કે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની સ્ક્રિનિંગ

(અનુ.પાના નં.૪ ઉપર)

## આજથી દેશભરમાં ૭૦૦ સ્થળે રાષ્ટ્રીય એપ્રેન્ટીસશિપ મેળાનો શુભારંભ

**યોગ્ય પ્રતિભાને તાલીમ આપી, કૌશલ્ય વિકસાવી મદદ કરવાનો હેતુઃ દેશની ચાર હજારથી વધુ સંસ્થાઓ દ્વારા સહયોગ**



નવી દિલ્હી, તા.૨૧

સ્કિલ ઈન્ડિયા અને ડીરેકટોરેટ જનરલ ઓફ ટ્રેનિંગ દ્વારા આજે તા.૨૧ એપ્રિલથી દેશભરમાં ૭૦૦ થી વધુ સ્થળો પર એક દિવસીય એપ્રેન્ટીસશિપ મેળા યોજાઈ રહ્યા છે. આ પહેલ મુજબ એક લાખથી વધુ એપ્રેન્ટીસની ભરતીને સમર્થન આપવાનો અને યોગ્ય પ્રતિભાને શોધી આપવામાં નોકરી દાતાઓને મદદ કરવાનો મૂળ હેતુ છે. સાથે- સાથે તાલીમ અને વ્યવહારુ કૌશલ્ય પ્રદાન કરવાનું પણ આયોજન છે.

આ ઈવેન્ટમાં ઉર્જા, રીટેઈલ, ટેલીકોમ, આઈટી, ઈલેક્ટ્રોનિક્સ, ઓટો અને ૩૦ થી વધુ ક્ષેત્રોમાં કાર્યરત દેશની ચાર હજારથી વધુ સંસ્થાઓ સહભાગી બની રહી છે. મહત્વકાંક્ષી યુવાનોને વેલ્ડર, ઈલેક્ટ્રીશીયન, હાઉસ કીપર, બ્યુટીશીયન, મિકેનિક વગેરે ૫૦૦ થી વધુ વ્યવસાયમાં જોડાવવાની તક મળશે. વડાપ્રધાન

(અનુ.પાના નં.૪ ઉપર)

## દેશમાં ઉર્જા કટોકટીનાં એંધાણઃ પાવર પ્લાન્ટ પાસે માત્ર નવ દિવસનો કોલસો



**સરકારે હૈયાધારણા આપી, દેશ પાસે ૩૦ દિવસ ચાલે એટલો કોલસાનો સ્ટોક છે**

**નવી દિલ્હી, તા.૨૧**

દેશમાં ઉર્જા ઉત્પાદન કરતા મુખ્ય પાવર પ્લાન્ટ પાસે માત્ર નવ દિવસ ચાલે એટલો કોલસાનો જથ્થો બચ્યો હોવાથી દેશમાં વીજ કટોકટી સર્જાય તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. ગઈકાલે કોલ ઇન્ડિયા લિમિટેડ દ્વારા થર્મલ પાવર પ્લાન્ટને વધુ કોલસાનો જથ્થો મોકલવામાં આવ્યો હતો પણ એવી ભીતિ પણ દર્શાવી હતી કે, દેશના ઉર્જા મથકો પાસે કોલસાનો જથ્થો ઘટી ગયો હોવાથી અને કોલસાની તિવ્ર તંગી સર્જાઈ હોવાથી વીજ કટોકટી ઉભી થઇ શકે છે.

કોલ ઇન્ડિયા પાવર એન્જીનિયર્સ ફેડરેશનનાં ચેરમેન શૈલેન્દ્ર દુબેએ જણાવ્યું હતું કે, થર્મલ પ્લાન્ટ કોલસાની તંગીથી જજુમી રહ્યા છે જેના લીધે વધતી માંગ અને પુરવઠા વચ્ચેની ખાઈ પૂરી શકતા નથી. દરમ્યાન કેન્દ્ર સરકારનાં સુત્રોએ હૈયાધારણા આપી હતી કે, દેશ પાસે ૩૦ થી વધુ ચાલે એટલો કોલસાનો પર્યાપ્ત જથ્થો છે. એટલે ભયભીત થવાની જરૂર નથી. આ સુત્રોએ દાવો કર્યો હતો કે, કોલ ઇન્ડિયા પાસે અત્યારે ૭૨.૫ મિલિયન મેટ્રીકટન કોલસાનો જંગી જથ્થો મોજુદ છે. ભારતમાં પાવર પ્લાન્ટ પાસે સરેરાશ ૨૨ મેટ્રીકટન જથ્થો હોય જ છે. એટલે કોલસાની તંગીનો કોઈ પ્રશ્ન નથી. ઉનાળાનાં કારણે વીજળીની માંગ વધી છે સાથે- સાથે એપ્રિલ માસમાં કોલસાનાં ઉત્પાદનમાં પણ ૨૦ થી ૨૨ ટકાનો વધારો થયો છે. પરંતુ દુબેનાં વિધાનો કોઈ અલગ પરિસ્થિતિ સૂચવે છે. દુબે કહે છે કે, કોલસાની તંગીને કારણે મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને યુપીમાં વીજ ઉત્પાદનને ફટકો પડ્યો છે. ઉપરાંત ગુજરાત, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને તેલંગણા જેવા રાજ્યોમાં પણ કોલસાની તંગી ઉભી થઇ છે.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો
તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી ક્લાસિફાઇડ

સાંધ્ય દૈનિક

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## પેટ્રોલ- ડીઝલ પરની એક્સસાઈઝ ડ્યુટી ઘટાડવા લોકસંસદ વિચાર મંચની અપીલ

# બેકાબુ બનેલી મોંઘવારીનાં પગલે દરેક વોર્ડમાં ધરણાનું આયોજન

## કાળઝાળ મોંઘવારીનાં મુદ્દે કાલે ભક્તિનગર સર્કલ ખાતે ધરણા: ગજુભા, ઈન્દુભા





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

કાળઝાળ મોંઘવારીનાં મુદ્દે લોકસંસદ વિચારમંચ દ્વારા આવતીકાલે તા.૨૨ ને શુક્રવારે સાંજે ૬:૪૫ થી રાત્રે ૮:૧૫ સુધી ભક્તિનગર સર્કલ ૮૦ ફૂટ રોડખાતે મેઘાણી રંગભવનની બાજુમાં ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમ ગજુભા ઝાલા અને ઈન્દુભા રાઓલએ જણાવ્યું છે.

વધુમાં જણાવ્યું છે કે, સીંગતેલ, મરી મસાલા, શિક્ષણ ફી, સીએનજી, રાંધણગેસ, ડીઝલ, પેટ્રોલ, દૂધ સહિતના આવશ્યક ચીજવસ્તુઓમાં તોતિંગ ભાવ વધારાથી આમ નાગરિક અને ગરીબ અને મધ્યમ મુશ્કેલીમાં વધારો થયો છે. પ્રજાનું જીવન દોહ્યલું બન્યુ છે અને મોંઘવારીને કારણે દિન-પ્રતિદિન આપઘાતનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે સરકાર ડીઝલ-પેટ્રોલના પ્રજા પર આકરા કરવેરા જીકી પોતાની તિજોરી ભરી રહી છે અને જો દરેક રાજ્યોમાં સામાન્ય વેરો એક જ કેન્દ્ર સરકાર નક્કી કરે તે રાખવામાં આવે તો લોકોને મોંઘવારીમાં રાહત મળી શકે તેમ છે. પેટ્રોલ-ડીઝલ પરની એક્સાઇઝ ડ્યુટી ઘટાડે તેવી આગેવાનોએ અપીલ કરી છે. તેમ જણાવ્યું છે.

મોંઘવારીથી ત્રસ્ત જનતા માટે કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલ રાજ્ય અને કેન્દ્ર સરકારની જગાડવા માટે લોક સંસદ વિચાર મંચ દ્વારા આવતીકાલે ૨૨ ના શુક્રવારે, સાંજે ૬-૪૫ થી રાત્રે ૮-૧૫ સુધી, ભક્તિનગર સર્કલ એસી ફુટ રોડ ખાતે મેઘાણી રંગ ભવન ની બાજુમાં ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. બિનરાજકીય કાર્યક્રમ હોય જાહેર જનતાએ જાગૃત નાગરિકો રિક્ષાચાલકો અને મોંઘવારીથી ત્રસ્ત જનતાએ કાર્યક્રમને સફળ બનાવવા જોડાવા લોક સંસદ વિચાર મંચના આગેવાનોએ અપીલ કરી છે. આ તકે રાજકીય પક્ષોને પણ જોડાવા અપીલ કરી છે. વોર્ડ નંબર ૧૪ માં આજે કાર્યક્રમ હોય હવે પછીના ધરણાનો કાર્યક્રમ વોર્ડ નંબર ૩ જંકશન પ્લોટમાં કરવામાં આવશે. બેકાબૂ બનેલી મોંઘવારીના પગલે દરેક વોર્ડમાં ધરણાનું આયોજન કરવાનું વિચારણામાં છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગજેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, એડવોકેટ ઇન્દુભા રાઓલ, એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, ચંદ્રેશભાઇ રાઠોડ, સરલાબેન પાટડીયા, પારૂલબેન સિધ્ધપુરા, ધીરુભાઈ ભરવાડ, હંસાબેન સાપરિયા, દેવાંગભાઈ ગજ્જર, પ્રફુલાબેન ચૌહાણ, કિશોરભાઈ ભટ્ટી, ભાવેશ પટેલ, રમેશભાઈ તલાટીયા, ભાવનાબેન જોગીયા, બીપીનભાઈ ભટ્ટ, રમેશભાઈ પાબારી સહિતના સામાજીક આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે. કાળઝાળ મોંઘવારીનાં મુદ્દે લોકસંસદ વિચારમંચ દ્વારા આવતીકાલે તા.૨૨ ને શુક્રવારે સાંજે ૬:૪૫ થી રાત્રે ૮:૧૫ સુધી ભકિતનગર સર્કલ ૮૦ ફૂટ રોડખાતે મેઘાણી રંગભવનની બાજુમાં ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમ ગજુભા ઝાલા અને ઈન્દુભા રાઓલએ જણાવ્યું છે.(૧.૧૨)

## ભેટાળી ગામે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

### નવનિર્મિત શ્રી સૂર્યમુખી હનુમાનજી મંદિરે ધાર્મિક ઉત્સવમાં ભાવિકો ઉમટયા





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

વેરાવળના ભેટાળી ગામમાં પવનપુત્ર સુર્યમુખી હનુમાનજીના મંદિરનું શિખરમિડૂ બે-દિવસીય ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી.

ગત તા. ૧૭ના રોજ પૂજા પ્રારંભ, શોભા યાત્રા, જલાધીવાસ કાર્યક્રમ, રાત્રીના કાન ગોપી કાર્યક્રમ યોજાયો હતો. તારીખ ૧૮મી એપ્રિલે પ્રાતઃપૂજન, સ્નપણ વિધિ, અન્નાધીવાસ અને રાત્રે કાન ગોપી નો પ્રોગ્રામ યોજાયો હતો. ગત તા. ૧૮મી એપ્રિલે પ્રાતઃપૂજન, સુર્યમુખી હનુમાનજીના મંદિર શિખરમિડાની પ્રાણ પ્રતિષ્ઠા, મહાઆરતી, મહા પ્રસાદ સાથે બે - દિવસીય ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવા મા આવી.

પ્રાણ પ્રતિષ્ઠા સમયે ઉપસ્થિત ધર્મપ્રેમીઓ જય શ્રી રામચંદ્રજી કી જય સુયેમુખી હનુમાનજીના નાંદથી ગામની ધન્ય ધરા ગુંજી ઉઠી હતી.આસ્થા ભેર દર્શનનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

અગ્રણીઓ તેમજ સંતોમહંતો બહોળી સંખ્યામાં હાજર રહી બે - દિવસીય ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી.

## આર્યસમાજ ખાતે શનિવારે સાપ્તાહિક સત્સંગ

### રોજડનાં સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક ખાસ ઉપસ્થિત રહીને વિશેષ પ્રવચન આપશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

હાથીખાના અને માયાણીનગર સ્થિત આર્યસમાજ દ્વારા આગામી તા.૨૩મીએ શનિવાર સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી માયાણી બ્રાન્ચ ખાતે સાપ્તાહિક સત્સંગ અને વિશેષ પ્રવચન કાર્યક્રમ યોજાશે

મહાન સમાજ સુધારક, રાષ્ટ્ર પિતામહ મહર્ષિ દયાનંદ સરસ્વતી એ ભારતની અવનતીનાં કારણોનું નિદાન કરતા વિચાર્યું કે મુખ્ય કારણ લોકો વેદોનાં જ્ઞાનથી દુર થયા અને અજ્ઞાનના અંધકારમાં ડુબી ગયા તેથી તેઓ એ લોકોને આહ્‌વાન કર્યું કે વેદોં તરફ પાછા વળો અને મહર્ષિએ આ જવાબદારી આર્યસમાજને સોંપી છે. આથી વિશ્વભરની આર્યસમાજો દ્વારા વેદ પ્રચારના કાર્યક્રમો સતત ચલાવવામાં આવે છે.

આર્યસમાજ હાથીખાના રાજકોટ દ્વારા આયોજીત સાપ્તાહીક સત્સંગમાં વેદ માર્ગના પથિક, અષ્ટાંગ યોગને જન જન સુધી પહોચાડનાર યોગ નિષ્ઠ સ્વામી સત્યપતીજીના સુયોગ્ય શિષ્ય પૂજય સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક દર્શન યોગ મહાવિદ્યાલય આર્યવન રોજડ (સાબરકાંઠા) થી પધારી રહ્યા છે. એમના વિશેષ પ્રવચનનો લાભ લેવા ધર્મપ્રેમી ભાઈ



બહેનોને આમંત્રણ છે. તેમ પ્રમુખ રણજીતસિંહ પરમારે જણાવ્યું છે.(૫)

### હિમાલયના મહર્ષિ શ્રી સ્વામી શિવકૃપાનંદજીના સાનિધ્યમાં આયોજન

## વિધાનસભામાં ત્રિ-દિવસીય ધ્યાન શિબિર યોજાઇ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

ગુજરાત વિધાનસભા ખાતે ગ. વા. માવળંકર દ્વારા સમર્પણ ધ્યાન યોગના પ્રણેતા હિમાલયના મહર્ષિ શ્રી સ્વામી શિવકૃપાનંદજીના સાનિધ્યમાં ધ્યાન શિબિરનું આયોજન તા. ૧૮, ૧૯ અને ૨૦મી એપ્રિલ-૨૦૨૨ દરમિયાન અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

વ્યકિત અને સમાજની ઉન્નતિ માટે ધ્યાન એક સશકત માધ્યમ છે. ગુજરાતની જનતાનું પ્રતિનિધિત્વ કરતા સભ્યો મહત્વની જવાબદારી નિભાવી રહ્યા છે, ત્યારે આ ધ્યાન શિબિરમાં સર્વે મંત્રીમંડળના સભ્યો તેમજ ધારાસભ્યોને પણ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. આ ધ્યાન શિબિરમાં અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યની સાથે મંત્રીઓ, ધારાસભ્યો તેમજ વિધાનસભા પરિવારના કર્મચારીઓ,અધિકારીઓ જોડાયા હતા અને ખૂબ જ ઉત્સાહ અને ધ્યાનપૂર્વક પૂજ્ય સ્વામિજીના પ્રવચનનો લાભ લીધો હતો અને માર્ગદર્શન મેળવ્યું હતું. સમર્પણ ધ્યાનયોગના પ્રણેતા પૂજ્ય સ્વામીજીએ આત્મજ્ઞાનના પ્રસાર થકી વસુધૈવ કુટુંબકમની ભાવના સાકાર થાય, મનુષ્યધર્મ ઉજાગર થાય એ માટે છેલ્લા ૨૫ વર્ષથી ૫૦ થી વધુ દેશોમાં નિઃશુલ્ક સેવાઓ આપી પ્રયાસો આદર્યા છે. આજના સમયમાં વૈચારિક પ્રદૂષણ અને તનાવભર્યા વાતાવરણમાં માનસિક, શારીરિક અને આધ્યાત્મિક શાંતિ મેળવવાના પ્રયાસરૂપે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ આ ધ્યાન શિબિરનું આયોજન મંત્રીઓ, ધારો. તેઓના આ પ્રયાસને જબરજસ્ત પ્રતિસાદ સાંપડેલ છે.

### આજે નર્મદા કિનારે અસ્થિ વિસર્જન

## છારોડી ગુરૂકુલમાં રવિવારે સ્વામી ભકિત પ્રકાશદાસજીની શ્રધ્ધાંજલિ સભા

**તા.૨ થી ૮ મે દરમિયાન ગઢપુર ખાતે પૂ.પુરાણી સ્વામીની સ્મૃતિમાં કથા પારાયણ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ તા. ૨૧

SGVP ગુરૂકુલ છારોડીના અક્ષરનિવાસી પુરાણી સ્વામી શ્રી ભકિતપ્રકાશદાસજી સ્વામી તા. ૧૨ એપ્રિલના રોજ અક્ષરધામમાં પધાર્યા છે. તેમનો અંતિમ-સંસ્કાર વિધિ તેમની ઇચ્છા અનુસાર ગઢપુર ઘેલા નદીના ઘાટ પર તા.૧૩ એપ્રિલના રોજ કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ તેમની પવન સ્મૃતિમાં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ મેમનગર ખાતે રવિવાર તા. ૧૭ ના રોજ બાર કલાકની અખંડ ધૂન રાખવામાં આવી હતી.

જેમાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા. ઉપરાંત દારેક ગુરૂકુલોમાં નિત્ય એક કલાક અખંડ ધૂન, એક કલાક ભક્તચિંતામણી અનુષ્ઠાન તથા એક કલાક જનમંગલ નામાવલી સાથે પૂજન કરવામાં આવે છે.

તેમની શ્રદ્ધાંજલિ સભા આગામી અપ્રિલ ૨૪ રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ સુધી છારોડી ગુરૂકુલ ખાતે માધવપ્રિયદાસજી સ્વામી, પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ છે.

તા.૨૧-૪-૨૨ ગુરુવારના રોજ નર્મદા કિનારે પુરાણી સ્વામી ભકિતપ્રકાશદાસજીના અસ્થિનું વિસર્જન, તા.૨૭-૪-૨૨ રીબડા ગુરૂકુલ ખાતે પુરાણી સ્વામીની ગુણાનુવાદ સભા- ધર્મજીવન સત્ર,તા.૨૯-૪-૨૨ શુક્રવારે સુરત ખાતે પુરાણી સ્વામી ભકિતપ્રકાશદાસજીની શ્રદ્ધાંજલિ સભા, તા.૩૦-૪ શનિવારે મુંબઇ ખાતે ધર્મજીવન ગાથાના આધારે ધર્મજીવન સત્ર, તા.૧ મે ના મેમનગર ગુરૂકુલની આસપાસના વિસ્તારોમાં ગરીબોને ચંપલ વિતરણ, તા. ૨ થી ૮ મી મે, ૨૦૨૨ દરમ્યાન ગઢપુર ખાતે પુરાણીસ્વામી ભકિતપ્રકાશદાસજીની સ્મૃતિમાં કથા પારાયણ, તા.૧૩ મે



થી ૧૫ મે દરમ્યાન છારોડી ખાતે યુવા સંમેલન તથા તા. ૧૭મે થી ૨૨ મે દરમ્યાન છારોડી ગુરૂકુલ ખાતે બાલ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

## ભાભર ગૌશાળાના ટ્રસ્ટીઓની શુભેચ્છા મુલાકાત

### સદ્ભાવના વૃધ્ધાશ્રમ અને એનિમલ હેલ્પલાઇનની કામગીરી નિહાળીને કરી વિશેષ ચર્ચા





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

શ્રી જલારામ ગૌશાળા (ભાભર, જિલ્લો બનાસકાંઠા)એ માંદી ગાયોની સારવાર ઓપરેશનો અને નિભાવ કરતી ગુજરાતની સૌથી મોટી ગૌ હોસ્પિટલ તથા ગૌશાળા છે. જયાં હાલ લગભગ ૧૧૦૦૦ જેટલી ગાયોની સારવાર તથા નિભાવ થઈ રહ્યો છે.

ગૌ માતાઓની દેવભાવથી સેવા, સુશ્રુષા, બનાસકાંઠા જીલ્લાના અંતરીયાળ ભાભર ગામમાં આવેલ શ્રી જલારામ ગૌશાળા ની સ્થાપના આજથી ૩૬ વર્ષ પહેલા એકલ દોકલ ગાયોની સારવારના હેતુથી થયેલ હતી. આ સંસ્થા ભવિષ્યમાં ૧૧૦૦૦ ગાયો માટેના આવાસ (શેડો) ગાર્ડન, ઉપેક્ષિત વડિલો માટે 'વડીલોનું વૈકુંઠ'વૃધ્ધાશ્રમ, નિરાધાર બાળાઓ તથા માનસિક અસ્થિર મહિલાઓ માટે આશ્રમ શાળા, પંચગવ્ય આધારીત ઔષધાલય (દવાખાનું) સહ પશુ નિરીક્ષક (એલ.આઇ) કોલેજની સ્થાપના આવા અનેક શુભકાર્યો કરવાના સંકલ્પો છે.

શ્રી જલારામ ગૌશાળા પરિવારના ટ્રસ્ટીઓ અને ગૌસેવકો લીલાધરભાઇ ઠકકર, મહેશભાઇ ઠકકર ગણાત્રા અને મોહનભાઇ પંખી સદભાવના વૃદ્ધાશ્રમ તેમજ કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઇનની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે સંસ્થાના મિતલ ખેતાણી, ધીરુભાઈ કાનાબાર, રમેશભાઈ ઠક્કર દ્વારા તેમની સાથે જીવદયા,ગૌ સેવા, માનવતા જેવા મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. (૫.૧૩)

## અમરેલી જિલ્લા યુવા કોંગ્રેસના ઉપપ્રમુખપદે અજય શિયાળ નિયુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજુલા, તા.૨૧

આગામી વિધાનસભાન ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પક્ષ દ્વારા સંગઠનને મજબુત બનાવવા માટે સક્રિય કાર્યકરો અને નેતાઓને જવાબદારી સોંપવામાં આવી રહી છે. ત્યારે પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર અને યુવક કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ વિશ્વનાથ વાઘેલાજીની સુચનાથી અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ દેવરાજ બાબરીયા દ્વારા રાજુલાના યુવા ધારાશાસ્ત્રી, યુવા કોળી સમાજ ગુજરાતના પ્રદેશ મહામંત્રી અને લડાયક યુવા નેતા અજય શિયાળને અમરેલી



જિલ્લા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ પદે નિમણૂંક કરવામાં આવી છે. તેમણી નિમણૂંકને રાજુલાના ધારાસભ્ય અંબરીષભાઈ ડેર તથા પ્રદેશ કોંગ્રેસના આગેવાનો,જિલ્લાના કોંગ્રેસ અગ્રણીઓએ વધાવી અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## બાલાચડી સૈનિક સ્કૂલમાં બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ

### ઈન્ટર હાઉસ સ્પર્ધામાં પ્રતાપ હાઉસ ટીમ વિજેતા, કેટેડ દીપાંશુ ગુપ્તા બેસ્ટ પ્લેયર જાહેર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

તાજેતરમાં જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડીમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩ માટેની ઈન્ટર હાઉસ બાસ્કેટબોલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચેમ્પિયનશિપમાં છ સિનિયર હાઉસની ટીમોએ ભાગ લીધો હતો. તેમાં તમામ ટીમોને બે પૂલમાં વહેંચવામાં આવી હતી. પૂલ 'એ' માં ગરૂડ હાઉસ, પ્રતાપ હાઉસ અને સરદાર પટેલ હાઉસનો સમાવેશ કરવામાં આવ્યો હતો જ્યારે શિવાજી હાઉસ, આંગ્રે હાઉસ અને ટાગોર હાઉસનો સમાવેશ પૂલ 'બી' કરવામાં આવ્યો હતો. આ ચેમ્પિયનશિપ લીગ કમ નોક આઉટ ધોરણે યોજવામાં આવી હતી. તેમાં પ્રતાપ હાઉસ અને ટાગોર હાઉસ ફાઈનલમાં પહોચ્યાં હતા. ફાઇનલ મેચની શરૂઆતમાં સ્કૂલના આચાર્ય ગૃપ કેપ્ટન રવિન્દર સિંહે ફાઇનલમાં પહોંચેલ ટીમના ખેલાડી સાથે મુલાકાત કરી અને તેમને શુભેચ્છા પાઠવી હતી. ફાઈનલ જોવા અને તેમની હાઉસ ટીમને ઉત્સાહિત કરવા તમામ વિદ્યાર્થીઓ પણ સ્થળ પર હાજર રહ્યાં હતા.

બંને ટીમોના ધમાકેદાર પ્રદર્શન બાદ પ્રતાપ હાઉસે ફાઇનલમાં ટાગોર હાઉસને ૩૪-૧૫ પોઇન્ટથી હરાવીને ટાઇટલ જીત્યું હતું. પ્રતાપ હાઉસના કેડેટ દીપાંશુ ગુપ્તાને ચેમ્પિયનશિપના 'બેસ્ટ પ્લેયર' તરીકે જ્યારે ટાગોર હાઉસના કેડેટ અમન કુમારને ચેમ્પિયનશિપના 'ઇમર્જિંગ પ્લેયર' તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા.

સ્કૂલના આચાર્યએ દર્શકોના ઉલ્લાસ વચ્ચે વિજેતાઓને ચેમ્પિયનશિપ ટ્રોફી અર્પણ કરી હતી. તેમણે ચેમ્પિયનશિપ ટીમ, રનર્સઅપ અને ભાગ લેનાર તમામને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સ્કૂલના ઉપાચાર્ય કમાન્ડર મનુ આરોરા સહિત તમામ શૈક્ષણિક અને વહિવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## કેશોદના ખમીદાણા ગામે પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સંકલ્પ યાત્રા ઉત્સવ ઉજવાયો



(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ, તા.૨૧

કેશોદ તાલુકાના ખમીદાણા ગામે બારીયા પરિવારના આંગણે ગોસ્વામી શ્રી પીયૂષબાવાશ્રીના સાન્નિધ્યમાં ઉત્સાહ અને આનંદભેર ઉજવાયો હતો સૌપ્રથમ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીનું સ્વાગત ખમીદાણા ગામના બધા વૈષ્ણવોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી વિશાળ શોભાયાત્રામાં ગોશાલા બેન્ડ પાર્ટી સાથે કીર્તનગાન કરી કરવામાં આવ્યું. વૈષ્ણવ ભાઈઓ અને બહેનોએ સુંદર વ્રજભૂમિનો પહેરવેશ ધારણ કરી પુષ્પો અર્પણ કરી સભા મંડપમાં સ્વાગત કર્યું. પુષ્પો અને પર્ણોથી શણગારેલા ઝૂલામાં બિરાજવા માટે વિશેષ સ્થાન આપવામાં આવ્યું. પુષ્ટિસંસ્કાર પાઠશાલાના નાના-નાના બાળકોના મંગલાચરણ સમૂહ ગાન દ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ પુષ્ટિસંસ્કારધામ નિર્માણ કાર્યની સુંદર ઝાંખી વીડિયો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી જે નિહાળી બધા આનંદિત થયા હતા. (૫.૧૩)

## લોઢવા યાત્રાસંઘે દિલ્હી ખાતે આંદોલન છાવણીની મુલાકાત લીધી





(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા. ૨૧

ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજજો આપવામાં આવે તે માટે ૪૬૫ દિવસથી દિલ્હીનાં જંતરમંતર ખાતે ધરણાં પર બેસેલ ગુજરાતનાં ગૌપ્રેમી આહિર યુવાન અર્જુનભાઈ આંબલીયાની મુલાકાત જંતરમંતર ખાતે લોઢવાનાં પત્રકાર જાદવભાઈ ભોળાનાં નેતૃત્વમાં ગીરસોમનાથ જીલ્લા પંચાયત સદસ્યા જયાબેન ભોળા અને ૪૫ જેટલાં યાત્રાળુ ભાઇ બહેનોએ મુલાકાત લીધી હતી અને અર્જુનભાઈ આંબલીયાની ગૌમાતાને રાષ્ટ્રમાતા ઘોષિત કરોની માંગણીને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. અર્જુનભાઈ એ પણ આ તકે બધાને માહિતગાર કરી અને મુલાકાત લેનાર તમામનો આભાર માન્યો હતો.

## ગાંજાના જથ્થા સાથે ૧ ને ઝડપી પડતી એસઓજી

રાજકોટ: શહેર એસઓજી ની ટીમ ભાવનગર રોડ મનહરપરા મેઈન રોડ પર પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ હાલતમાં ટી.વી.એસ મોપેડ નં.GJ 03 DS 5305 ની અટકાયત કરતા મોપેડ ચાલક મનહરપરા શેરી નં.૭ માં રહેતો આકાશ ઉર્ફે મરચો હરિભાઈ બાબરિયા (ઉ.વ.૨૫)જે અગાઉ પણ શહેરની અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૨૮ જેટલા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.જેને ઝડપી મોપેડની હુકમાં ટીંગાળેલ કાળા કલરના ઝબલાની તપાસ કરતા તેમાંથી ૮૦૦ ગ્રામ ગાંજો કિં.૮૦૦૦ અને મોપેડ કિં.૫૦૦૦ ગણી કુલ ૧૩૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઘોડી પાસાનો જુગાર રમતા ૫ ઝડપાયા

રાજકોટ: ભક્તિનગર પોલીસને પેટ્રોલિંગ દરમ્યાન મળેલ બાતમીના આધરે જીલ્લા ગાર્ડન રોડ ચંદ્રપ્રકાશ ઇન્ડસ્ટ્રીઝ વાળી શેરીમાં દરોડો પાડતા જાહેરમાં ઘોડી પાસાનો જુગાર રમતા આદીબમિયા કાદરી (ઉ.વ.૩૩),અશ્વિન મકવાણા (ઉ.વ.૩૩),દીપક નકુમ (ઉ.વ.૫૦),યોગેશ જીલ્કા (ઉ.વ.૩૩),રાજેશ મુછડીયા(ઉ.વ.૬૦)ને રોકડા રૂ.૧૫,૧૯૦ સાથે ઝડપી જુગાર ધારાનો ગુન્હો નોંધી પાંચે વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર ક્રાંતિ



## તંત્રી સ્થાનેથી...

### જોબ ફિટનેસ ક્યાં છે? .

આંતરરાષ્ટ્રીય તુલનાત્મક અભ્યાસ પ્રગટ થતા રહેતા ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું સ્તર સ્પષ્ટ થવા લાગ્યું છે. કદાચ વિદેશી સંસ્થાઓ સાથે તુલના કરવી જરૂરી નથી એમ માની લઈએ તો કમસે કમ એટલી તો અપેક્ષા રહે કે વિદ્યાર્થીઓ જે ભણે છે તે તો તેને આવડતું હોવું જોઈએ. આપણી કોલેજોમાં વિદ્યાર્થી જે ભણે છે તે જ તેને આવડતું નથી.આજે દેશમાં પરિસ્થિતિ એ છે કે ૯૦ ટકા સ્નાતકો તો નોકરી મેળવવા માટે પોતે યોગ્ય છે કે કેમ તે અંગે જ સાશંક છે. બહુ ઊંડે ડૂબકી મારો તો ખ્યાલ આવે કે આપણા દેશમાં કરોડો લોકો એવા છે કે જેમને કામ કરવું નથી.

આ પરિસ્થિતિની સામે વિવિધ કંપનીઓની ભીતરી હાલત પણ જોવા જેવી છે. જેનામાં કામની આવડત હોય એવા કર્મચારીઓ આસાનીથી મળતા નથી. બીજી પણ એક વાત છે કે કોર્પોરેટ જોબમાં ખંધા અને લુચ્ચા માણસોની સંખ્યા વધુ છે. નવી પેઢીનો કોઈ સિતારો સારી રીતે કામકાજ કરતો હોય તો પેલા ખંધા સિનિયરો સહન કરી શકતા નથી. દરેક કંપનીમાં તેજસ્વી ઉમેદવારોને કામ કરતા અટકાવવાના બેરિયર્સ ગોઠવેલા છે. આજકાલ પ્રતિભાસંપન્ન લોકો બહુ ઝડપથી નોકરી બદલાવે છે, કારણ કે જે ઉમેદવારમાં ક્ષમતા છે તે પેલા ખંધા મેનેજરોને આધીન રહી શકે નહિ. દેશમાં સંખ્યાબંધ એચઆર કંપનીઓ અસ્તિત્વમાં આવી છે. તેમનું કામ કંપનીઓને સારા કર્મચારીઓ શોધી આપવાનું છે. આ કંપનીઓને પણ સારા કર્મચારી ઉમેદવારો મળતા નથી. કોર્પોરેટ ક્ષેત્રમાં દેશમાં અનેક આંતર- પ્રિનિયોરશિપ કંપનીઓ પણ છે.

આજકાલ દેશમાં દરેક કંપની સારા ઉમેદવારોને શોધે છે. આ સ્થિતિ દર્શાવે છે કે જે વિદ્યાર્થીઓને આપણી શૈક્ષણિક પ્રણાલિકા તૈયાર કરે છે, તેમાંથી બહુ જૂજ લોકો જ સ્પર્ધાત્મક રીતે ટકી શકે એવા તૈયાર થાય છે. એવરેજ એટલે કે નીચલા સ્તરનું જ્ઞાન ધરાવનારા ઉમેદવારોની સંખ્યા બહુ મોટી છે, તેઓ પ્રાથમિક રીતે તો સર્વજ્ઞાની હોય છે, પરંતુ તેઓને કોઈ કામ સોંપવામાં આવે તો તેઓ કરી શકતા નથી, વાતોના વડા કરનારો આવો ઘણો મોટો બેરોજગાર વર્ગ આપણા દેશમાં પેદા થયેલો છે જે હાલ ક્યાંય ચાલે એમ નથી. દેશમાં બહુ જ ઓછા ઉમેદવારો એવા છે જેમનામાં જોબ ફિટનેસ હોય, મહત્ ઉમેદવારો તો જોબ માટે અનફિટ દેખાય છે. દેશમાં બેરોજગારી છે એમ કહીને સરકારનો વાંક બતાવવાને બદલે પ્રજાએ આત્મદર્શન કરીને એમ કહેવાની જરૂર છે કે દેશમાં જોબ ફિટનેસની તંગી છે.

# જુગાર રમતા પકડાયેલ છ આરોપીઓનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૧

ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઇના સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી રીતે બાતમી મળવાથી રેડ કરતાં જુગાર રમતા છ આરોપીઓને પકડી પાડી જેલ હવાલે કરી કોર્ટ સમક્ષ રજૂ કરતા આરોપીઓને નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો હતો.



એડવોકેટ: અમિત એન.જનાણી

આ કેસની વધુ વિગત એવી છે કે,તા.૧૨/૧૨/૧૯ના રોજ ક્રાઇમ બ્રાન્ચના પી.એસ.આઇ.એમ.એસ. મહેશ્વરી સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી રીતે બાતમી મળી કે પુનિત નગર પાસે ઇગલ રેસીડેન્સીમાં રહેતા હિરેન કદાવલા બહારથી માણસો બોલાવી ગંજીપાના વડે જુગાર રમે છે જેથી રેડ કરતાં હિરેન નાથા કદાવલા, રવિ મગન ભાઈ સોરઠીયા, કૌશિક કેશુભાઈ બોરીચા, સોહીલ રજાકભાઈ ખેદાર, પિયુષ પરબતભાઈ નનેરા, રેનીશ હીરાભાઈ કારેણા જુગાર રમતા મળી આવતા પકડી પાડી જેલ હવાલે કરી કોર્ટ સમક્ષ રજૂ કરતા આરોપી તરફડે વકીલે દલીલ કરતાં જણાવ્યું હતું કે, બનાવવાળી જગ્યાએ આરોપીઓ હારજીતનો જુગાર રમતા હોય કે તેમની પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું સ્પષ્ટ પણે રેકોર્ડ પર આવેલ નથી જેને ધ્યાને લઇને કોર્ટે તમામ છ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ ફરમાવ્યો હતો. આ કામમાં આરોપી તરફે એડવોકેટ અમિત એન.જનાણી, જીતેન્દ્રસિંહ વી. પરમાર તથા ઈકબાલ થેયમ રોકાયેલા હતા.

# રૂ.૧.૨૮ લાખનો ચેક રિટર્ન અંગેના કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૧

રાજકોટની ક્રેડિટ સોસાયટીને આપેલો ચેક પાછો ફરવાનો કેસ સાબિત ન થવાથી અદાલતે આરોપીનો છૂટકારો ફરમાવ્યો છે. આ કેસની વિગત એવી છે કે શ્રી રેલરાજ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. દ્વારા આ કામના દિવ્યરાજ નરોતમગિરિ ગોસ્વામી વિરૂધ્ધ રૂ ૧.૨૮ લાખનો ચેક રિર્ટનનો કેસ દાખલ કરેલ હતો. આ કેસમાં ફરીયાદી તરફે સાક્ષી તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ, તેમ છતા ફરીયાદી પક્ષ કાયદેસરનું લેણું કે જવાબદારી સાબીત કરી શક્યા ન હતા. તેમજ આરોપી વતી વકીલે સુપ્રીમ કોર્ટ તેમજ હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ રજુ કર્યા હતા અને દલીલો પણ કરી હતી. જેથી આ કામના તહોમતદારને રાજકોટના એડિશનલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટની કોર્ટમાં નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે. આ કામમાં આરોપી વતી ધારાશાસ્ત્રી મકવાણા હિતેશ મકવાણા, એફ.એસ.ખોરજીયા, ડી.ડી.બથવાર, એસ.યુ. વિંઝુડા, શૈલેન્દ્ર કટારીયા એમ.એસ. ડોડીયા, બી.બી. વાળા રોકાયા હતા.

# બજરંગ વાડીના મકાન સંબંધે દાવા સાથેની વચગાળાના મનાઈહુકમની અરજી નામંજૂર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૧

બજરંગ વાડીની મિલકત સંબંધે જાદવ પરિવારના ભાઈઓ વચ્ચે ચાલતી તકરારમાં થયેલા દાવા સાથે થયેલી વચગાળાના મનાઇ હુકમની અરજી સિવિલ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે.

રાજકોટના રહીશ શાંતીલાલ ગોરધનભાઇ જાદવ તથા જેન્તીભાઈ ગોરધનભાઈ જાદવ દ્વારા સિવિલ કોર્ટમાં તેઓના સગા ભાઈઓ જીજ્ઞેશભાઈ ગોરધનભાઈ જાદવ તથા ભરતભાઈ ગોરધનભાઈ જાદવ વિરૂધ્ધ રાજકોટ શહેરના બજરંગ વાડી વિસ્તારમાં આવેલા રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી પ્લોટસ પૈકી પ્લોટ નં. ૨૩ના સબ પ્લોટ નં. ૨૩/૨ ની જમીન ચો.વા. આ. ૧૬૫-૧ જેના ચો.મી.આ. ૧૩૮-૦૪ ઉપર આવેલ મકાન સંબંધે પોતાનો કબજો હોવા સંબંધે દાવો અને તેમાં સદરહું મિલ્કત પ્રતિવાદીઓ કોઈને વેચાણ ગીરો, બક્ષીસ, લીયન કે હસ્તાંતર કરે નહી કે ફેરફાર કરે નહી તેમજ કાયદાની પ્રક્રીયા અનુસર્યા સિવાય વાદીનો કબજો ભોગવટો છોડવવાનો પ્રયત્ન કરે નહીં તેવી દાદ માંગેલી, જેમાં વચગાળાના મનાઈ હુકમની અરજી સિવિલ કોર્ટ દ્વારા બંને પક્ષકારોને સાંભળી તથા રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ નામંજુર કરવામાં આવેલ છે. વાદીઓએ આજદિન સુધી બક્ષીસ દસ્તાવેજને પડકારેલ ન હોય તે વિગતને ધ્યાને લઈ તેમજ વાદી-પ્રતિવાદીઓના પિતાશ્રી ગોરધનભાઈની લેખિત ફરિયાદની વિગતોને ધ્યાને લઈ વાદીઓની વાદગ્રસ્ત દાવાવાળી મિલ્કત સંબંધ કરવામાં આવેલ વચગાળાના મનાઈહુકમની અરજી નામંજુર કરી છે. સદરહું કામમાં પ્રતિવાદીઓ વતી ધારાશાસ્ત્રી આનંદ બી. જોષી, જતીન વી. ઠક્કર, વિપુલ ટી. પંડ્યા, સંદિપ ડી. પાનસુરીયા તથા દેવાંગ વી. ભટ્ટ રોકાયા હતા.

# આપનાં પૂર્વ નેતા અને કવિ કુમાર વિશ્વાસ તથા અલ્કા લાંબા વિરૂધ્ધ પંજાબમાં પોલીસ તપાસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ચંદીગઢ, તા.૨૧

આપ નાં રાષ્ટ્રીય નેતા અને દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ખાલિસ્તાની સંપર્કનાં ખોટા આક્ષેપો અને નિવેદનો કરવા બદલ પંજાબ પોલીસે નઆપથ નાં એક સમયનાં નેતા અને જાણીતા કવિ કુમાર વિશ્વાસ તથા અલ્કા લાંબા વિરુધ્ધ એફઆઈઆર દાખલ કરી છે. અલ્કા લાંબા કોંગ્રેસનાં નેતા છે. બંને નેતાઓને પંજાબ પોલીસે નોટીસ પણ ફટકારી છે. ૪૮ કલાકમાં તપાસ માટે હાજર થવા પોલીસે વિશ્વાસ અને લાંબાને



તાકીદ કરી છે.

પંજાબ પોલીસની એફઆઈઆર માં દર્શાવાયું છે કે, કુમાર વિશ્વાસે એવું ટ્વીટ કર્યું હતું કે, કેજરીવાલ આઝાદ ખાલિસ્તાનનાં વડાપ્રધાન બનવા માંગે છે. આ અંગે કુમાર વિશ્વાસ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. ખોટા નિવેદનો કરીને ધૃણા અને દુશ્મનાવટની લાગણી ફેલાવ્યાનો બંને નેતાઓ પર આક્ષેપ મુકવામાં આવ્યો છે.

નોટીસ બજાવવા માટે પંજાબ પોલીસની એક ટીમ કુમાર વિશ્વાસનાં ઘરે પહોંચી હતી પણ એ સમયે તેઓ ઘરે ન હતા. બાદમાં ટ્વીટ કરીને કુમાર વિશ્વાસે કેજરીવાલ અને પંજાબનાં મુખ્યમંત્રી ભગવંત માનની ટીકા કરી હતી અને વળી એવી ટકોર કરી હતી કે, માન સાવચેત રહે કેજરીવાલ ગમે ત્યારે દગો કરી શકે છે. કેજરીવાલ એક દિવસ માન અને પંજાબ બંનેની સાથે દગો કરશે.(૨.૧૨)

# ધોરાજી ખનીજ કૌભાંડમાં સ્થાનિક પોલીસની ભૂમિકા હોવાની શંકા, તપાસ એલસીબીને સોંપાઈ

# યુવા પત્રકાર યોગેશ રાઠોડનો આજે જન્મદિવસ



રાજકોટ: રાજકોટના પત્રકાર યોગેશ રાઠોડનો આજે જન્મદિવસ છે. તેઓ છેલ્લા પાંચ વર્ષથી મીડિયા ફિલ્ડ સાથે સંકળાયેલા છે તેઓએ પોતાની કારકિર્દીની શરૂઆત સૌરાષ્ટ્ર ક્રાંતી દૈનિકથી કર્યા બાદ ટીવી૯ ગુજરાતી ચેનલમાં ન્યૂઝ એડિટર તરીકે રહ્યા હતા, ત્યારબાદ તેઓએ અલગ અલગ પ્રિન્ટ મીડિયામાં કામ કર્યું છે અને હાલ તેઓ સાંજ સમાચારમાં ક્રાઈમ અને કોર્ટનું રિપોર્ટીંગ પણ કરી રહ્યા છે. તેઓ મૂળ ધ્રોલ ગામના વતની છે અને વાળંદ સમાજમાંથી આવે છે, રાજકોટની અર્જુનલાલ હિરાણી કોલેજમાંથી પત્રકારત્વ અને માસ કોમ્યુનિકેશન વિષયની માસ્ટર ડિગ્રી ધરાવે છે, હંમેશા જીવનમાં કંઈક નવું શીખવું અને સંશોધન કરવું તે તેમના શોખ રહ્યા છે. ક્રાઈમ ફિલ્ડ હોય કે કોર્ટ, પોતાની આગવી સૂઝબૂઝ અને લખાણ શૈલીથી લોકોને ગળે ઉતરી જાય તેવી ભાષા વાપરીને સમાચાર લોકો સમક્ષ પીરસે છે. તેમના જન્મદિન નિમિત્તે મિત્ર વર્તુળ તરફથી મો.નં.૭૦૪૩૯૪૨૪૩૭ ઉપર શુભેચ્છા મળી રહી છે. પત્રકાર યોગેશ રાઠોડના જન્મદિને 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...

# ૩ સ્થળોએ દબાણ દુર કરી અંદાજે ૫૦ ચો. ફૂટ જગ્યા ખુલ્લી કરાઈ





## મનપાના એક્શન પ્લાન વન ડે વન રોડ અંતગર્ત કરાયું ડિમોલીશન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૧

મ્યુનિ. કમિશ્નર અમીત અરોરા સાહેબની સુચના અનુસાર તથા નાયબ કમિશ્નર ચેતન નંદાણીની અધ્યક્ષતામાં ટાઉન પ્લાનીંગ ઓફિસર એમ. ડી. સાગઠીયા સાહેબના માર્ગદર્શન હેઠળ શહેરના જાહેર માર્ગો પર વાહન પાર્કિંગની સમસ્યાને અંતર્ગત માન. કમિશ્નર દ્વારા રજુ કરાયેલ એકશન પ્લાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજે વન ડે વન રોડ અંતર્ગત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારના વોર્ડ નં.૧૪ માં સમાવિષ્ટ વાણીયાવાડી મેઈન રોડ પર ફૂટપાથ, માર્જિન તથા રોડમાં થયેલ દબાણો/ગેરકાયદેસર બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ છે. કુલ ૦૩ સ્થળોએ દબાણ દુર કરી અંદાજે ૫૦ ચો. ફૂટ પાર્કિંગ/રસ્તા પૈકીની જગ્યા ખુલ્લી કરાવવામાં આવી હતી.

આ કામગીરીમાં સેન્ટ્રલ ઝોનના ડેપ્યુટી કમિશ્નર, સિટિ એન્જીનીયર સેન્ટ્રલ ઝોન તેમજ સેન્ટ્રલ ઝોનની ટાઉન પ્લાનીંગ શાખા, બાંધકામ શાખા, દબાણ હટાવ શાખા, રોશની શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખાના તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષા વિભાગના અધિકારી તથા તેમનો તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

# જાલમ સિંહ રત્નુને ઉત્તમ સેવા બદલ મેડલ એનાયત કરાયો



વર્ષ ૨૦૨૨ માં રાજસ્થાન માં રેંજ કક્ષા ની પોલીસ દિવસની ઉજવણી કરાઇ હતી.જેમાં પોલીસ મહા નિરીક્ષક જોધપુર રેંજ ,મુખ્ય મહેમાન જીલ્લા પોલીસ અધિક્ષક, જોધપુર ગ્રામીણ જાલમ સિંહ રત્નુ કોન્સ્ટેબલને તેમની ઉત્તમ સેવા ,નિષ્ઠા , અને પ્રસંશનીય સેવા વિભાગ દ્વારા ઉત્તમ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. આ માટે તમામ પોલીસકર્મીઓ અને મિત્રો અને સમુદાયના ભાઈઓએ શ્રી રત્નુંને અભિનંદન પાઠવ્યા.

# ચોટીલા પંથકમાંથી જુગાર રમતા ૧૩ જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા

સુરેન્દ્રનગર,તા.૨૧

યાત્રાધામ ચોટીલા તાલુકાના જસદણ બોર્ડર ઉપરના ઢોકળવા ગામમાં ધારૈઇ ડેમ સીમ વિસ્તારમાં મોટા પાયે જુગારનો અખાડો જાહેરમાં ચાલતો હોવાની બાતમી સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં રહેલા પીએસઆઈ વાય.એસ.ચુડાસમા તથા કે.ડી.જાડેજાને મળી હતી. જે અંગે હકિકતના આધારે હેડ કોન્સ્ટેબલ માલાભાઇ કલોત્રા, જગદિશભાઇ તથા કોન્સ્ટેબલ કનુભાઇ ખાચર, કુલદિપભાઇ બોરીચા, રવિભાઇ ખાચર, હિતેષભાઇ મકવાણા વિગેરેએ અચાનક જુગારધામ પર રેઇડ કરતા જાહેરમા આરોપીઓ ગેરકાયદેસર ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમતા રોકડ રૂ. ૬૯,૬૭૦ તથા ઇક્કો કાર તેમજ મોબાઇલ ફોન ૧૩ વિગેરે મળી કુલ કિ.રૂ .૨,૬૨,૬૭૦/-ના મુદામાલ સાથે કુલ -૧૩ આરોપીઓ પકડી પાડી તેમની વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુન્હો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.ચોટીલાના નાની મોલડી પોલીસે બાતમીના આધારે ઢોકળવા ગામની સીમમાં જાહેરમાં ચાલતા અખાડા પર દરોડો પાડી રૂ. ૨,૬૨,૬૭૦ના મુદ્દામાલ સાથે ૧૩ શખ્સોને ઝડપી લીધા છે. જ્યારે ૩ જુગારીઓ ફરાર થઇ જવામાં સફળ થયા હતા.

# સાયલા દારૂ કાંડઃ ક્રાઈમ બ્રાંચના ૪ પોલીસ કર્મચારી પાંચ દિવસના રિમાન્ડ પર સોંપાયા

## પોલીસકર્મીઓને અપહરણ જ કરવું હોત તો ઉપરી અધિકારીઓને જાણ કેમ કરેઃ બચાવ પક્ષ

રાજકોટ.તા.૨૧

સાયલા તાલુકાના આયા ગામની સીમમાંથી દારૂ ભરેલા કન્ટેનરના ડ્રાઇવરનું અપહરણ કરીને કન્ટેનર રાજકોટ લઇ જનાર ક્રાઇમ બ્રાન્ચના પોલીસનો વિજિલન્સની ટીમે ભાંડો ફોડી નાખ્યો છે ત્યારે પોલીસના સાણસામાં આવેલા આ ચારેય પોલીસકર્મીને મૂળી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા જ્યાં તેમના ૫ દિવસના રિમાન્ડ મંજૂર થતા આરોપીઓને ગાંધીનગરની વિજિલન્સની ટીમને સોંપવામાં આવ્યા હતા. વિજિલન્સની ટીમે દારૂના કન્ટેનર સાથે પકડી લીધેલા પોલીસકર્મી દેવાભાઇ જાદવભાઇ ધરજિયા, ક્રિપાલસિંહ જાડેજા, સુભાષભાઇ ઘોઘારી, ઉપેન્દ્રસિંહ ઝાલા સહિત ૧૦ શખ્સ સામે સાયલા પોલીસમથકે અપહરણ સહિતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ આરોપીઓને બુધવારે મૂળીની કોર્ટમાં રજૂ કરીને તપાસના કામે ૭ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. જેમાં આરોપી તરફે વકીલે એવી દલીલો રજૂ કરી હતી કે જો પોલીસને અપહરણ કરવું જ હોત તો પોતાના ઉપરી અધિકારીને જાણ શા માટે કરે.

પોલીસને માહિતી બાતમીદારો પાસેથી જ મળતી હોય છે. માટે તેમને જેલમાં મોકલી આપવા જોઇએ જ્યારે સામે પક્ષે સરકારી વકીલે એવી દલીલો કરી હતી કે, આરોપીઓએ દારૂનો જથ્થો સગેવગે કર્યો હોય તેમ લાગે છે. આથી તેમના રિમાન્ડ મંજૂર કરવા જોઇએ બંને પક્ષના વકીલોની દલીલો સાંભળીને કોર્ટે આરોપીને ૫ દિવસના રિમાન્ડ પર સોંપ્યા હતા. હવે ચકચારી કેસની તપાસ વિજિલન્સના પીઆઇ સુનીલ તરડેને સોંપી દેવામાં આવી છે.

# સ્પાની આડમાં પાંચ મહિનાથી ચાલતા કૂટણખાના પર દરોડો

## કાલાવડ રોડ, ક્લાઉડ ૯માં ડમી ગ્રાહક મોકલી પર્દાફાશ કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૧

રાજકોટના કાલાવડ રોડ, જાનકી પાર્ક મેઇન રોડ પર આવેલા ક્લાઉડ ૯ નામના સ્પામાં દેહવિક્રયનો વેપલો ચાલતો હોવાની એલસીબી ઝોન-૨ને માહિતી મળી હતી. પોલીસે ગોરખધંધાનો પર્દાફાશ કરવા ડમી ગ્રાહકને સ્પામાં મોકલી દરોડો પાડ્યો હતો. જેમાં સ્પાનો સંચાલક અને ડમી ગ્રાહક તરીકે મોકલેલા યુવાન સાથે એક મહિલા મળી હતી.

સંચાલકની પૂછપરછમાં તે જસદણના ગઢાળા ગામનો ભરત હરસુર પાડા હોવાનું જણાવ્યું હતું. તે અન્ય રાજ્યોની મહિલાને બોલાવી દેહવિક્રયનો વેપલો કરતો હોવાની કેફિયત આપી છે. મહિલા દિલ્હીની હોવાનું જાણવા મળ્યું છે. પૂછપરછ કરતા ભરત પાડા ૫ મહિનાથી સ્પાની આડમાં કૂટણખાનું ચલાવતો હોવાનું અને તે ગ્રાહક પાસેથી હજાર રૂપિયા સ્પાના અને રૂ.૩૫૦૦ એકસ્ટ્રા સર્વિસના મળી કુલ રૂ.૪૫૦૦ લેતો હતો. જેમાંથી અમુક રકમ મહિલાને આપતો હતો. મોજમજાની ઇચ્છા ધરાવનારને તે મેસેજ કરી બોલાવતો હોવાની પણ કબૂલાત આપી છે. સ્પા સંચાલક ભરત પાડા પાસેથી રૂ.૪૫૦૦, મોબાઇલ કબજે કરી તેની સામે ગુનો નોંધ્યો છે. સ્પામાંથી મળી આવેલી પરપ્રાંતીય મહિલાનું નિવેદન નોંધ્યું છે.

# પૂર્વ દિલ્હીમાં ભાજપનાં સ્થાનિક નેતાની હત્યા, હત્યારો ફરાર

## મયુર વિહારમાં ઘરની બહારથી નેતાનો દેહ લોહીનાં ખાબોચિયામાં મળી આવ્યોઃ ગોળીબાર કરીને હત્યા કરાયાની પોલીસને શંકા, તપાસનો ધમધમાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવી દિલ્હી, તા.૨૧

પૂર્વ દિલ્હીનાં મયુર વિહાર વિસ્તારમાં બુધવારે રાત્રે ભાજપનાં એક સ્થાનિક નેતાની ગોળીબાર કરી કરપીણ હત્યા કરી નાખવામાં આવતા ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસે તમામ સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી હત્યારાની જોરદાર શોધખોળ હાથ ધરી છે.

પોલીસે જણાવ્યા મુજબ સ્થાનિક ભાજપી નેતા જીતુ ચૌધરી એમના ઘરની બહાર જ લોહીનાં ખાબોચિયામાં કણસતા દેખાયા હતા આથી તાત્કાલિક મયુર વિહાર વિસ્તારમાંથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોકટરોએ તપાસીને એમને મૃત જાહેર કર્યા હતા. ૪૨ વર્ષનાં જીતુ ચૌધરીનાં શરીર પર બુલેટનાં નિશાન મળી આવ્યા હતા. પોસ્ટમોટર્મ બાદ પોલીસને વધુ માહિતી મળશે.

સ્થળ પરથી પોલીસને મયુર વિહાર ખાતેનાં નેતાનાં ઘરની બહારથી કેટલાક ખાલી કારતુસ મળી આવ્યા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજની ચકાસણી શરૂ



કરી છે અને હત્યારાની શોધખોળ શરૂ કરી છે. હત્યાનું કારણ જાણવા માટે પોલીસે અનેક થિયરી પર તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ દિલ્હી ભાજપમાં સનસનાટી મચાવી છે. આ હત્યા અંગત અદાવતમાં થઇ કે રાજકીય છે તે અંગે હજુ કશું બહાર આવ્યું નથી.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

# કોર્ટના પડતર દીવાની કેસોની પતાવટ કરવા મહત્વનો નિર્ણય

# PGVCL વર્તુળ કચેરી કક્ષાએ સમાધાન સમિતિની રચના

**સેટલમેન્ટ કમિટી પાસે જવાથી ગ્રાહકો-ડિફોલ્ટર્સને ઘણા ફાયદા મળી રહેશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

પીજીવીસીએલ દ્વારા કોર્ટના પડતર દીવાની કેસોની પતાવટ કરવા માટે વર્તુળ કચેરી લેવલે થ્રી-ટાયર સમાધાન સમિતિની રચના કરવામાં આવી છે. આ સમાધાન સમિતિ એટલેકે સેટલમેન્ટ કમિટીના સભ્યો તરીકે અદાલતી સભ્ય (ચેરપર્સન), અધિક્ષક ઇજનેર (સંયોજક/સભ્ય) અને ડેપ્યુટી ચીફ એકાઉન્ટ ઓફિસર નિગમિત/ઝોનલ કચેરી (સભ્ય) ની નિમણૂંક કરવામાં આવી છે.

પીજીવીસીએલની ડિવિઝન ઓફીસ અને સબ ડિવિઝન ઓફીસ હેઠળ આવતા ડિફોલ્ટર્સ તેમના બાકી રકમના કેસોની પતાવટ/સમાધાન કરવા માટે તૈયાર/સંમત હોય અને સેટલમેન્ટ કમિટિનો લાભ લેવા માંગતા હોય તેમને બાકી રકમની ચુકવણી માટે ૧૨ હપ્તા ઉપલબ્ધ કરાવવા સુધીની સુવિધા સેટલમેન્ટ કમિટિ દ્વારા પૂરી પાડવામાં આવશે. થ્રી-ટાયર સેટલમેન્ટ કમિટી પાસે કોર્ટમાં દાખલ થઇ ગયેલ હોય તેવા રેગ્યુલર બીલના લેણાં કે વીજચોરીના કેસોનું સમાધાન થઇ શકે છે. કોઈપણ કેસ કે જેની રકમ રૂપિયા ૨૦ (વીસ) લાખ છે તેવા કેસને આવરી લેવામાં આવશે. આ કમિટીનો લાભ લેવાથી વીજ ગ્રાહકોને પણ ઘણા ફાયદાઓ મળી રહે છે. જેમકે રહેણાંક, બિન રહેણાંક, ખેતીવાડી, સરકારી તેમજ લોકલ બોડીના કેસોમાં ૧૦૦% સુધી વિલંબિત ચુકવણી ચાર્જમાં માફી મળી શકે છે અને ઔદ્યોગિક વીજ જોડાણો એલ.ટી./એચ.ટી. માં ૭૫ % સુધી વિલંબિત ચુકવણી ચાર્જમાં માફી મળી શકે છે. અમુક શરતોને આધીન ૧૦૦ % સુધી પણ વિલંબિત ચુકવણી ચાર્જમાં માફી મળી શકે છે. તમામ પ્રકારના વીજ જોડાણોને બાકી રકમ ના મહતમ ૧૨ હપ્તા ઉપલબ્ધ કરાવવા સુધીની સુવિધા આપવામાં આવશે. પરંતુ પ્રથમ હપ્તો ૨૫ % રકમ નો હોવો ફરજીયાત છે બાકી રકમના એક સરખા હપ્તા કરી આપવાની જોગવાઈ રાખવામાં આવી છે. જે ગ્રાહક પોતાનું વીજ જોડાણ ચાલુ કરવા માંગતા હોય તો બાકી લેણી રકમની મીનીમમ ૫૦ % રકમ ભરપાઈ કરેલી હોવી ફરજીયાત છે. દરેક સબડિવિઝન ઓફીસ પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા વિસ્તારના ગ્રાહકો જે આ યોજનાનો લાભ લેવા ઈચ્છે છે તેઓની યાદી બનાવી ડિવિઝન ઓફીસને મોકલશે. ડિવિઝન ઓફીસ દ્વારા સર્કલ ઓફિસને અને સર્કલ ઓફીસ કોર્પોરેટ ઓફીસને વિસ્તૃત માહિતી મોકલી આપશે. ત્યારબાદ દરેક સર્કલ ઓફીસના કુલ કેસોની સંખ્યાને ધ્યાનમાં લઇ જયુડીસીયલ મેમ્બરની તારીખ સાથે નિમણૂંક કરવામાં આવશે. આમ વધુને વધુ લોકો સમાધાન સમિતિનો લાભ લઇ પડતર દીવાની કેસોની પતાવટ ઝડપી સમયમાં કરી શકે છે.

---

### ઉદ્યોગકાર પ્રતાપભાઈ પટેલની સંઘર્ષ ગાથાનું પ્રેરણારૂપ આલેપાન

# ‘તળેટીથી શિખર સુધીની યાત્રા’ પુસ્તકનું વિમોચન



**કર્ણાટકના પૂર્વ ગવર્નર વજુભાઈ વાળા અને સંત અપૂર્વમુનિ સ્વામી સહિતના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરના સામાજીક અગ્રણી અને ઉદ્યોગ જગતના ભિષ્મપિતામહ અને જેમને શૂન્યમાંથી સર્જન કરી આજે પોતાનું વિશાળ સામ્રાજય ઉભું કરી ઉદ્યોગ જગતમાં આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યુ છે એવા પ્રતાપભાઈ પટેલની જીવન ઝરમર અને સંઘર્ષ ગાથા દર્શાવતું પુસ્તક તળેટીથી શિખર સુધીની યાત્રાનું વિમોચન કર્ણાટક રાજયના પૂર્વ ગવર્નર વજુભાઈ વાળા અને શિરોમણી પૂજય અપૂર્વમુનિ સ્વામિની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકોટના રોલેકસ રીંગ્સ પ્રા.લિ. ના મનીષભાઈ માદેકા, ભવાની ઈન્ડસ્ટ્રીઝના સુરેશભાઈ નંદવાણા, જાણિતા વકતા-લેખક અને શિક્ષણશાસ્ત્રી ભદ્રાયુભાઈ વછરાજાની, નંદકિશોર પારીકર, ડો.પ્રકાશ મોઢા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ શહેરના સફળ ઉદ્યોગપતિ હોવા ઉપરાંત એક મુઠી ઉંચેરા માનવી અને સમાજ સેવામાં કાર્યરત અને સૌરાષ્ટ્રની અસંખ્ય સંસ્થાઓમાં જેમનું મૂલ્યવાન યોગદાન રહ્યું છે. મારું એ બધું જ મારું નહિ પરંતુ થોડું સમાજને અર્પણ આવી ઉમદા ભાવના ધરાવતા પ્રતાપભાઈ પટેલ મુળ અમરેલીના વતની પરંતુ વર્ષોથી રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવી છે. જીંદગીના આઠ દાયકા વટાવી ચૂકેલા પ્રતાપભાઈ પટેલે આજ સુધીમાં સમાજ સેવા અને જરૂરીયાતમંદ લોકો માટે વિવિધ સંસ્થાઓને કરોડો રૂપિયાની સહાય કરી છે. ભાવિ પેઢી તેમના જીવનમાંથી પ્રેરણા લે તેવા ઉમદા ભાવથી તેમની સંઘર્ષ ગાથા અને સફળતા દર્શાવતું પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકના લેખક જાણિતા લેખક પત્રકાર અને વકતા જવલંત છાયા છે.

કાર્યક્રમના પ્રારંભે ટર્બો બેરિંગ પ્રા.લિ. ના મેનેજિંગ ડિરેકટર પરેશભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનોનું - અભિવાદન કર્યુ હતું . કાર્યક્રમની ભૂમિકા લેખક જવલંત છાયાએ પ્રસ્તુત કરી હતી. પ્રતાપભાઈ પટેલનો પરિચય દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના સંસ્થાપક મુકેશ દોશીએ આપેલ હતો.

આ પ્રસંગે બોલતા પૂજય અપૂર્વમુનિ સ્વામિએ જણાવ્યું હતું કે, પ્રતાપભાઈએ સાચા અર્થમાં પોતાની લક્ષ્મીને દિપાવી છે. તેઓ સાચા અર્થમાં ઘસાઈને ઉજળા થયા છે. સાચા અર્થમાં પોતાનું સામાજીક ઉતરદાયિત્વ નિભાવ્યું છે જે ખરેખર અભિનંદનને પાત્ર છે. જયારે ડો.ભદ્રાયુભાઈ વછરાજાનીએ જણાવ્યું હતું કે, પોતાના માટે તો સૌ કોઈ જીવે છે પરંતુ બીજા માટે જીવવું એ કપરું કાર્ય છે. પ્રતાપભાઈએ આ કામ સુપેરે કર્યુ છે. તેમની દિલેરીને સમાજ સેવાને બિરદાવું છું.

પ્રતાપભાઈ પટેલે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે મારી સફળતામાં અસંખ્ય લોકોનો સિંહફાળો છે. મારો પરિવાર અને મારો સ્ટાફ એ મારું હાથ, પગ અને હૈયું છે. તેમના વગર મારી સફળતા અધુરી રહી હોત. સામાજીક સેવા એ મારો શોખ છે અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે જીવન પર્યત મને આ કામ કરવાની પ્રેરણા આપજે. મેં મારી જવાબદારી નિભાવી છે અને આ જવાબદારી જીવન પર્યત નિભાવતો રહીશ.

---

# રાજકોટમાં ૧૮૦ શાળા-કોલેજોમાં પરીક્ષાના કેન્દ્રો ફાળવાયા


**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રાજકોટમાં યોજાનાર પરીક્ષાનાં આયોજન અંગેની બેઠક કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઈ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનાર બિન સચિવાલય કલાર્ક તથા સચિવાલય ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ -૩ ની પરીક્ષા તા.૨૪ નાં રોજ લેવાનાર છે. જેના ભાગરૂપે જિલ્લામાં સુચારું આયોજન માટે કલેક્ટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી.

રાજકોટમાં કુલ ૧૮૦ શાળા-કોલેજોમાં પરીક્ષાનાં કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે. જેમાં કુલ ૫૧,૭૨૦ ઉમેદવારો પરીક્ષા આપવાનાં છે. આ





પરિક્ષા શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે લેવાય, તે હેતુથી સંબંધિત અધિકારીઓને કલેકટર દ્વારા માર્ગદર્શન અપાયું હતું. આ બેઠકનું સમગ્ર સંચાલન નિવાસી અધિક કલેકટર કેતન ઠકકર દ્વારા કરાયું હતું.

જયારે આ પ્રસંગે રાજકોટ પોલીસ અધિક્ષક જયદીપ સિંહ રાઠોડ, મદદનીશ મ્યુનિસિપલ કમિશનર પી.કે સિંઘ, ડીસીપી પ્રવિણકુમાર, પ્રાંત અધિકારીઓ અને જિલ્લા શિક્ષણ અધિકારી ભરત કૈલા તથા સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# જસદણમાં અડધી રાત્રે બે કલાક વીજળી ગુલ થતાં લોકોને પરેશાની

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૨૧

જસદણ શહેરમાં ગઈકાલે અડધી રાત્રે અંદાજે બે કલાક જેટલા સમય માટે વીજળી ગુલ થતા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

જસદણમાં ગઈકાલે રાત્રે અંદાજે ૧૨ કલાકે વીજળી ગુલ થઇ ગઇ હતી. ત્યારબાદ અડધી કલાકે વીજ પુરવઠો શરૂ થયા બાદ ફરી માત્ર દસ જ મિનિટમાં વીજ પુરવઠો બંધ થયો હતો. જે રાત્રે બે વાગ્યે શરૂ થયો હતો.આ ઉપરાંત આજે સવારે ૯-૩૦ કલાકે ફરી પાછી વીજળી ગુલ થઈ હતી જે ૧૦-૩૦ કલાક સુધી શરૂ થઈ ન હતી. વીજળી ગુલ થવાથી ઉનાળાની સખત ગરમીને કારણે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જસદણ શહેરમાં નિયમિત અવિરત વીજ પુરવઠો સતત ચાલુ રહે તેવી લોકોની માગણી છે.

---

### સૌ.યુનિ.ના કેરીયર કાઉન્સેલિંગ સેન્ટર દ્વારા આયોજન

# મહેસુલ તલાટીની ભરતી માટે ૨૮મીથી તાલીમ-વર્ગ

**ઉમેદવારોએ ૨૭મી સુધીમાં યુનિવર્સિટી કેમ્પસ સ્થિત સીસીડીસી ખાતે નોંધણી કરાવવા સૂચના**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સીસીડીસીનાં માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં છાત્રોને સરકારી નોકરી મેળવવા માટેનું સ્વપ્ન સાકાર કરવા સીસીડીસીના માધ્યમથી નિષ્ણાંતો મારફત સ્માર્ટ ટીપ્સ સાથે સચોટ તાલીમ આપવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપ અનેક છાત્રોએ સરકારી નોકરીઓ મેળવેલ છે. યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રો. ગીરીશભાઈ ભીમાણીના માર્ગદર્શન હેઠળ ટીમ સીસીડીસી મારફત નોનસ્ટોપ તાલીમ, જુદા-જુદા વિષયોના નિષ્ણાંતો અને યુપીએસસી, જીપીએસસી પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર તજજ્ઞ મારફત દરરોજ જ્ઞાનરૂપી આદાન-પ્રદાન, જુદી-જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની સફળતા માટે શોર્ટકટ અને પરિણામ સ્વરૂપ તાલીમ સાથે જ્ઞાનરૂપી લાયબ્રેરી અને સફળતાનું વાતાવરણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે પૂરૂ પાડવામાં આવે છે.

સીસીડીસીના પ્રયત્નો અને પરિણામલક્ષી આયોજન તથા વિદ્યાર્થીઓને મહેનતના કારણે રાજ્ય અને કેન્દ્ર સરકાર મારફતની અનેક પરીક્ષાઓમાં છાત્રોએ ઝળહળતી સફળતા મેળવેલ છે. તાજેતરમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા વિવિધ જિલ્લાઓમાં ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી-ક્રમ-મંત્રી) (વર્ગ-૩) ની ૩,૪૩૭ જગ્યાઓની જાહેરાતને અનુલક્ષી તાલીમ આપવાનું ચોથી બેચનું આયોજન તા.૨૮ થી સી.સી.ડી.સી. ખાતે શરૂ કરવામાં આવશે.

આ તાલીમવર્ગમાં વિવિધ જગ્યાઓ માટેના અભ્યાસક્રમ ગુજરાતી ભાષા અને વ્યાકરણ, અંગ્રેજી ભાષા અને વ્યાકરણ, મેથેમેટીક્સ અને રીઝનીંગ, ભારતનું બંધારણ, ભારતનો ઈતિહાસ, ભૂગોળ , જનરલ સાયન્સ વગેરે સિલેકટેડ વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. તાલીમવર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો તા.૨૭ સુધીમાં ગ્રાઉન્ડ ફ્લોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી-કમ-મંત્રી) (વર્ગ-૩) નું ઓનલાઈન ભરેલ ફોર્મની ઝેરોક્ષ, આઈ.ડી. પ્રુફ અને લીવીંગ સર્ટિફિકેટ સાથે લાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

---

### તીર્થસ્વરૂપા પૂ.હીરાબાઈ મહાસતીની નિશ્રામાં ધર્મભકિત

# ગીતગુર્જરી જૈન ઉપાશ્રયમાં આયંબિલ ઓળી પર્વની ઉજવણી

**દિવ્ય દાન-તપ-જ્ઞાનની આરાધના સાથે પર્યુષણ પર્વ જેવો દિવ્ય માહોલ છવાયો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

આયંબિલ ઓળી પર્વની આરાધના કરાવવા પૂ. ડુંગર ગુરૂ ગાદીગામ ગોંડલથી વિહાર કરી તા.૪-૪-૨૨ ને સોમવારે પૂ.હીરાબાઈ મ.સ. પધારતાં સકલ સંઘમાં હર્ષોલ્લાસ છવાયેલ. પ્રવેશ પ્રસંગે ભાવિકો તરફથી રૂા.૧૦૦ તથા વૈશાલીનગર રૂા.૫૦ ની પ્રભાવના થયેલ. શ્રી ગોંડલ સંઘ પ્રમુખ પ્રવિણભાઇ કોઠારી, ગીતગુર્જરી સંઘના શિરીષભાઇ બાટવીયાએ શુભેચ્છા પાઠવી હતી. માંગલીક બાદ ધર્મરત્ના પુષ્પાબેન નવિનભાઇ વોરા હસ્તે કાશ્મીરાબેન પરેશભાઇ, કાજલબેન શૈલેષભાઇ વોરા તરફથી નવકારશીનું આયોજન કરેલ હતું. પૂ. ગુરુણી ભગવંતની પાવન પ્રેરણાથી તા.૭ ગુરૂવાર થી તા.૧૫૨ શુક્રવાર નવ દિવસ નવપદ આરાધના થઈ હતી. પ્રતિદિન સવારે ૮.૧૫ થી ૯.૧૫ કલાકે નવકાર મંત્ર જાપ, ૯.૧૫ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન પ્રવચન પ્રભાવક શ્રી સ્મિતાબાઇ મહાસતીજીની આગવી શૈલીમાં નવપદ અપાવે પરમપદ વિષય પર પ્રવચનો યોજાતા વિશાળ સંખ્યામાં ભાવિકોએ લાભ લઇ ધન્યતા અનુભવી હતી. તા.૧૩ ના મહાવીર જન્મ કલ્યાણકના મંગલ દિને સરપ્રાઇઝ ક્વિઝ તથા હાલરડા- એક જનમ્યો રાજદુલારો દુનિયાનો તારણહારોના ગગનભેદી નારા સાથે સમગ્ર સંઘ મહાવીરમય બની ગયેલ. પૂ. જશુબાઇ મ. સુંદર શિબિર કરાવેલ હતી. આયંબિલ ઓળી દાતા ચંદુભાઇ મણીલાલ શાહ તથા સહયોગી ભાનુબહેન મહેન્દ્રભાઇ શેઠ, અંધેરી મુંબઇવાળાએ લાભ લઇ ગુરૂભક્તિ સાથે કરાવેલ. તા.૧૬-૪-૨૨ને શનિવારના રોજ ઓળી આરાધકોને સવારે પારણા શ્રી ધીરૂભાઇ રૂપાણી તથા બપોરે ભાનુબેન શેઠ તરફથી કરાવેલ હતા. દરેક તપસ્વીઓની અનુમોદના ખૂબ જ સારી રીતે કરાઈ હતી.

---

# મીઠાપુર ખાતે વર્ષો જુના સુર્યમંદિરનું રિનોવેશન કરવા રજૂઆત

**પુરાતત્વ વિભાગ હસ્તકની ઐતિહાસિક ધરોહરનો જીર્ણોદ્ધાર કરવા રજૂઆત**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

વેરાવળ, તા.૨૧

ગીર-સોમનાથ જિલ્લાના વેરાવળ નજીક આવેલ મીઠાપર ગામમાં વર્ષો જૂનું સૂર્ય મંદિર આવેલુ છે જે જર્જરિત હાલતમાં છે. આવી ઐતિહાસિક ધરોહરની જાળવણી માટે વિદ્યાર્થી નેતા ભાવેશ સોલંકીએ ટ્વીટરના માધ્યમથી પ્રધાનમંત્રી સહિતનાઓને રજૂઆત કરી છે. જેમાં જણાવ્યું છે કે, ગીરસોમનાથ જિલ્લાના વેરાવળ પાસે મીઠાપર ગામમાં હજારો વર્ષ જૂનું સૂર્ય મંદિર છે, જેને પુરાતત્વ વિભાગ સંભાળે છે. એનું બોર્ડ સડી ગયું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને વિનંતી કે આ સ્થળનું રીનોવેશન કરાવી પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવું જોઈએ. ત્યારબાદ વેરાવળ નગરપાલિકાના પ્રમુખ પિયુષભાઈએ આર્કિટેક્ટ અને સલાહકાર સાથે લઈ આ સ્થળની મુલાકાત કરી અને ટ્વીટરના માધ્યમથી પ્રધાનમંત્રીને પ્રભાસ પાટણના તમામ સૂર્ય મંદિરોનું રીનોવેશન કરવાનાં સંકેત આપ્યા હતા. વિશેષમાં ભાવેશ સોલંકીએ જણાવ્યું હતુંકે આટલી બેનમૂન કારીગરીને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવો જ જોઈએ.

---

# દામનગરનો કોઝવે વર્ષોથી ખખડધજ



**(નટવરલાલ ભાતિયા દ્વારા)**

દામનગર, તા.૨૧

દામનગરથી બોટાદ જિલ્લાના વિકળિયા, હડમતિયા, ઠાંડા, લાખાવાડ તથા ભાવનગર જિલ્લાના જરીયા, પીપરિયા, સરકડીયા, ભૂતિયા, પાડાપાણ અને અમરેલીના ગ્રામ્ય મૂળિયાપાટ, સુવાગઢ, ઠાંસા તરફ જતા અમરેલી જિલ્લા પંચાયતના બેઠા કોઝવે ઉપર પુલ બનાવવા વર્ષોથી ગ્રાક્ય પ્રજાને રાજી રાખવા વખતો વખત ચૂંટણી સમયે વચન અપાય છે પણ અમલ ક્યારે ? ત્રણ જિલ્લાના ગ્રામ્યને જોડતા દામનગરથી બહાર નીકળતા બેઠા કોઝવે ઉપર વરસાદી પાણી સમયે કલાકો કે દિવસો સુધી આ માર્ગ બંધ રહેવા પામે છે. દામનગર શહેરથી બહાર નિકળતાજ સૌથી મોટી આર્થિક પછાત વસાહત અને ત્રણ જિલ્લાને જોડતા ગ્રામ્ય વિસ્તારોની પ્રજાને પુલની સુવિધા અપાય તેવી વર્ષોથી માંગ સામે અમરેલી જિલ્લા પંચાયતનું ડીંડક કેટલા વર્ષ ચાલશે ? ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ દર્દીઓ હટાણા માટે આવતા ગ્રામજનો જ્યાં હોય ત્યાં કલાકો કે દિવસો સુધી પાણી ઊતરવાની પ્રતિક્ષા કરે છે વિકાસને વરેલી સરકારમાં આતે કેવો વિકાસ?

## અવસાન નોંધ

રાજકોટઃ જલ્પાબેન મનીષભાઈ મારવી (ઉ.વ.૪૦) નું તા.૧૯ ને મંગળવારનાં રોજ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા.૨૧ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ દીપક સોસાયટી, કોમ્યુનીટી હોલ, કનૈયા ચોક પાસે, રૈયા રોડ ખાતે રાખેલ છે.

રાજકોટઃ લુહાર ભરતભાઈ રતિલાલભાઈ કારેલીયા (ઉ.વ.૬૮), તે પન્ના, સ્વાતી ત્થા સાગરભાઈના પિતાનું તા.૧૭ ને રવિવારે અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૨૧ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ વાગ્યે તેમના નિવાસ સ્થાન A-૨૦૨ ‘ખોડલ ટાવર’ વ્રજવિલાની બાજુમાં, આકાર હાઈટની સામે, વાવડી, ખાતે રાખેલ છે.

---

# પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી સુરજ ડેરનો આજે જન્મદિવસ



રાજકોટઃ વિદ્યાર્થીઓ અને યુવાનો માટે હરહંમેશ લડતો - આંદોલનો થકી તેના પ્રશ્નોને છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી વાંચા અપાવતા યુવાનેતા સુરજભાઈ ડેરનો આજે જન્મદિવસ દીવસ છે. તેઓ રાજકોટ NSUIના પ્રમુખ,મહામંત્રી તરીકે તેમજ અલગ-અલગ ઘણી બધી જવાબદારીઓ કોંગ્રેસ પક્ષમાં નિભાવી ચૂકયા છે અને હાલ યુવા કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. હરહંમેશ સામાજીક કાર્યોમાં અગ્રેસર રહેતા અને સરળ-નિખાલસ સ્વભાવને કારણે તમામ લોકોને મદદરૂપ થવાની ભાવના હોવાથી બહોળુ મીત્રમંડળ ધરાવે છે. તેઓ સાથોસાથ બિલ્ડર વ્યવસાય સાથે સંકળાયેલ છે.આજે તેમના જન્મદિવસ નિમિતે રાજકીય-સામાજીક ક્ષેત્રના આગેવાનો , પરિવારજન અને મીત્રમંડળ તેના મો.૯૪૨૮૬૪૪૪૪૪ પર શુભકામનાઓ પાઠવી રહ્યા છે. ‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

---

# હિંગોળગઢ ગામે નર્મદાના સંપમાંથી પાણી ચોરી

**વિંછીયા તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી દ્વારા કાર્યવાહીની માંગ સાથે ઉચ્ચકક્ષાએ રજૂઆત**

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**

જસદણ, તા.૨૧



વિંછીયા તાલુકા ભાજપનાં પૂર્વ મહામંત્રી ભુપતભાઈ કેરાલીયાએ વડાપ્રધાન, ભાજપ પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રીપાણી પુરવઠા મંત્રી, ઉપાધ્યક્ષ ભાજપ, સચિવ પાણી પુરવઠા ગાંધીનગર, મુખ્ય ઈજનેર પાણી પુરવઠા રાજકોટ સહિતનાને લેખિત રજૂઆતમાં કરી છે કે, વિંછીયા તાલુકાના હિંગોળગઢ ગામે નર્મદાના પાણીના સંપથી ગામડામાં પાણીનું વિતરણ કરવા માટે પેટા કોન્ટ્રાક્ટ રાખીને દરેક ગામને પાણીનું વિતરણ કરે છે. કયા ગામોને પાણી વિતરણ ઓછું કરવું કે વધુ કરવું તે વિંછીયા વિસ્તારના આગેવાનની સૂચનાથી પેટા કોન્ટ્રાકટર પોતાની મનમાની ચલાવીને વિંછીયા વિસ્તારના ઘણાં ગામોને પાણી અનિયમિત આપે છે. પેટા કોન્ટ્રાક્ટર ઘણાં વર્ષોથી હિંગોળગઢ સંપમાં કામ કરે છે જેથી જસદણ પાણી પુરવઠા ઓફિસ અને જસદણ વિંછીયાના આગેવાનની મીઠી નજરે લીલાપુરથી કાળાસર ગામ સુધીની જૂની પી.વી.સી. પાઇપ લાઇન કાઢીને હિંગોળગઢ નર્મદા પાણીના સંપથી પોતાની વાડી સુધી બિન કાયદેસર લાઇન નાખી દીધી છે. બિલેશ્વરથી ખડકાણા વચ્ચે પ્રાકૃતિક કેમ્પ સાઈટ ચલાવે છે, ત્યાં પણ બિનઅધિકૃત રીતે પાણીનું કનેકશન લીધેલ છે. હિંગોળગઢ નર્મદા પાણીના સંપથી પોતાના ઘર સુધી પણ નર્મદા પાણીની પાઇપ લાઇન બિનઅધિકૃત રીતે લીધેલ છે. મોઢુકાથી હિંગોળગઢ સુધીના મેઇન લાઇનના વાલ્વમાંથી પણ તેના સગાંવહાલાંઓને પાણી આપવામાં આવે છે જેની ફરિયાદ અગાઉ કરેલ હતી પરંતુ આજ તારીખ સુધી પાણી પુરવઠાના અધિકારી દ્વારા કોઈપણ જાતનાં પગલાં ભરવામાં આવેલ નથી.

વિંછીયા તાલુકાના લોકોને બાનમાં લઈને પીવાના પાણીનો બગાડ કરી રહ્યા છે. તેઓની સામે અને જે જગ્યા ઉપર અન્ય પાણીની લાઇન નાખવામાં આવેલ છે તેની તપાસ કરીને કાર્યવાહી કરવા અંતમાં ભુપતભાઈ કેરાલિયાએ રજૂઆત કરી છે.

# ભાવિ પત્રકારોને પ્રાયોગિક તાલીમ આપવાનો પત્રકારત્વ ભવનનો પ્રયાસ પ્રશંસનીયઃ સુનિલ જોશી





## વિદ્યાર્થીઓએ બનાવેલી શોર્ટ ફિલ્મ ઓફ ટ્રેકનું નિદર્શન તથા સામયિક લક્ષ્યવેધનું વિમોચન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારત્વ ભવન દ્વારા ભાવિ પત્રકારોને જે પ્રાયોગીક તાલીમ આપવામાં આવે છે એ પ્રશંસનીય છે એવું પત્રકારત્વ ભવનમાં જીટીપીએલ ચેનલના ઓપરેશનલ હેડ સુનિલભાઇ જોશીએ જણાવ્યું હતું. પત્રકારત્વ ભવન દ્વારા જીટીપીએલ ચેનલના ઓપરેશનલ હેડ સુનિલભાઇ જોશીના હસ્તે પી.જી.ડી.એમ.સી.ના વિધાર્થીઓ દ્વારા પ્રાયોગિક તાલીમના ભાગરુપે તૈયાર કરાયેલા સામયિક લક્ષ્યવેધનું વિમોચન અને એમ.જે.એમ.સી.ના વિધાર્થીઓએ બનાવેલી શોર્ટ ફિલ્મ ઓફ ટ્રેકનું નિદર્શન યોજાયા હતા.

વિમોચન અને નિદર્શન સમારંભની શરૂઆત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જીટીપીએલ ચેનલના ઓપરેશનલ હેડ સુનિલભાઇ જોશીએ વિધાર્થીઓને સંબાધતા જણાવ્યું હતું કે, ભાવિ પત્રકારોને જે પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે એ પ્રશંસનીય છે. લક્ષ્યવેધ અને શોર્ટ ફિલ્મ જે દર વર્ષે બને છે એ બન્ને પ્રાયોગિક તાલીમના ઉદાહરણ છે.

વધુમાં સુનિલભાઇએ વિધાર્થીઓને વાંચન વધારવાની સલાહ આપી હતી અને જીવનમાં ક્યારેય પણ શોર્ટકટ ન અપનાવું એ પ્રગતિ માટે પૂર્ણ વિરામ બની શકે છે એવું જણાવ્યું હતું.

પત્રકારત્વ ભવનના અધ્યક્ષ ડો.નીતાબેન ઉદાણીએ જણાવ્યું હતું કે, પત્રકારત્વ ભવનના વિધાર્થીઓને પ્રાયોગિક તાલીમ મળી રહે તે માટે ભવન હંમેશા પ્રયત્નશીલ રહ્યું છે. પત્રકારત્વ ભવન દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી પત્રકારત્વના વિધાર્થીઓને પ્રાયોગિક તાલીમ મળી રહે તે હેતુસર લક્ષ્યવેધ નામનું સામયિક બહાર પાડવામાં આવે છે. વરિષ્ઠ પત્રકાર, લેખક અને લોકગાયક નીલેશભાઇ પંડયાના માર્ગદર્શન હેઠળ વિધાર્થીઓ સામિયક પત્રકારત્વના તમામ પ્રાયોગિક પાસાંઓ શીખે છે.

આજ રીતે એમ.જે.એમ.સી.ના અભ્યાસક્રમ દરમિયાન વિધાર્થીઓ દર વર્ષે કુશળ ફિલ્મમેકર શ્રી વિકાસ રાજપોપટના માર્ગદર્શન હેઠળ ફિલ્મ મેકીંગની પ્રાયોગિક તાલીમ મેળવે છે.

જેમાં સ્ક્રિપ્ટ રાઇટીંગથી માંડીને એડીટીંગ અને ડબીંગનો પણ સમાવેશ થાય છે. લક્ષ્યવેધના વિમોચન અને શોર્ટફિલ્મ ઓફ ટ્રેકના નિદર્શન બાદ હાજર સૌ કોઇએ વિધાર્થીઓની પ્રાયોગિક કામગીરીને બિરદાવી હતી. સમારંભમાં મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડો. યોગેશ જોગસણ, હિન્દી ભવનના અધ્યક્ષ ડો.બી.કે. કલાસવા, ઇતિહાસ ભવનના અધ્યક્ષ ડો. કલ્પાબેન માણેક સહિત પત્રકારત્વ ભવનના પ્રો.તુષાર ચંદારાણા, ડોયશવંત હિરાણી, ડો.જીતેન્દ્ર રાદડિયા અને આરતીબેન દોશી સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેર ભાજપ દ્વારા તમામ વોર્ડમાં સક્રિય સભ્યોના કાર્ડ અપાશેઃ મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

શહેરના ૫ હજારથી વધુ ભાજપના સક્રિય સભ્યોને કાર્ડ આપવામાં આવશે. તે અંતર્ગત શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના અધ્યક્ષ સ્થાને અને જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકનું સંચાલન જીતુ કોઠારીએ કરેલ. આ બેઠકમાં વિસ્તૃત માહિતી આપતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ જણાવ્યું હતું કે શહેર ભાજપ દ્વારા શહેરના તમામ વોર્ડમાં અંદાજે ૫ હજાર સક્રીય સભ્યોના કાર્ડ આપવામાં આવશે.

તેમજ આગામી કાર્યક્રમો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ખાસ કરી બક્ષીપંચ મોરચા દ્વારા વોર્ડવાઈઝ ખાટલા બેઠક યોજાઈ રહી છે. તેમજ શકિતવાઈઝ ટિફિન બેઠકનું પણ આયોજન કરવામાં આવનાર છે તેમજ સુપોષણ

અભિયાન અંતર્ગત અંદાજે ૩૩૦ થી વધુ આંગણવાડીના બહેનોને સન્માનપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા છે. ત્યારે સાથોસાથ કુપોષિત બાળકો સુપોષિત બને તે માટે ડ્રાયફ્રૂટ સાથેની કીટ પણ આપવામાં આવી રહી છે. આગામી દિવસોમાં વન ડે, વન ડીસ્ટ્રીકટ કાર્યક્રમ, સફાઈ ઝુંબેશ, મન કી બાત જેવા કાર્યક્રમો સફળ બને તે માટે જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે. આ બેઠકની વ્યવસ્થા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ અને શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ સંભાળી હતી.




રાજકોટઃ શહેર ભાજપ કાર્યાલય ખાતે વિવિધ કાર્યક્રમો અંતર્ગત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી માર્ગદર્શન આપતા તસ્વીરમાં નજરે પડે છ.

### ભાજપ, કોંગ્રેસ, આપને સમાજસેવક યશવંતભાઈ જનાણીની ટકોર

# રાજકીય પક્ષોમાં જ્ઞાતિ-ધર્મ નહીં, વિચારધારાને મહત્વ આપો

## ચૂંટણીમાં અસરકારક જણાતા જ્ઞાતિના આગેવાનોની રાજકીય પક્ષો દ્વારા ચાલતી ખેંચતાણ લોકશાહી માટે ખતરારૂપઃ જનાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્રનાં જાણીતા સમાજ સેવા સંગઠક યશવંતભાઈ જનાણીએ દેશનાં રાષ્ટ્રીય પક્ષો ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસને તથા ગુજરાતમાં ત્રીજો વિકલ્પ બનવા માંગતા આમ આદમી પાર્ટીને અપીલ કરતા જણાવેલ કે તમારો પક્ષ ખરેખર રાષ્ટ્રવાદી હોય અને રાજકીય મૂલ્યોમાં માનતો હોય તો દેશની કે ગુજરાતની કોઇપણ જ્ઞાતિ કે ધર્મ આધારિત કોમને અથવા તેના અગ્રણીઓને મહત્વ આપવાને બદલે ભારતીય વિકાસ અને વિચારધારાનાં સિધ્ધાંતો ઉપર જ કામ કરતા લોકોને મહત્વ આપવું જોઇએ અને આ જ રાજકિય પક્ષોની રણનીતિ હોવી જોઇએ. આવા મહાનુભાવોને મહત્વ આપી પોતાના પક્ષમાં સામેલ કરવા જોઇએ.

ગુજરાતમાં ચૂંટણી આવી રહી છે ત્યારે ભાજપ, કોંગ્રેસ કે આપ પક્ષ ચૂંટણીમાં અસરકારક પ્રભાવ પાડનારા કોમના આગેવાનોને પોતાના તરફ ખેચવા હરીફાઈ કરી પ્રયત્નો કરી રહેલ છે તે લોકશાહી શાસન વ્યવસ્થા માટે ખતરારૂપ છે. ગુજરાતમાં અમુક કોમની વ્યક્તિને અને તેના નેતાને જ મહત્વ કેમ ? તેવો સવાલ આમ જનતામાં ઉભો થયો છે. ભાજપમાંથી કોંગ્રેસમાં કે કોંગ્રેસમાંથી ભાજપમાં ચૂંટાયેલા પ્રતિનીધીઓનું જે રાષ્ટ્રીય પક્ષાંતર થાય છે તે શું માત્ર મતદારો ઉપર અસર કરતા જુદી જુદી જ્ઞાતિકોમનાં આગેવાનો ને પોતાના પક્ષમાં ભેળવવા માટે રાજકીય સોગઠાબાજી છે કે સારા માણસોને પોતાના પક્ષમાં ખેચવાનો પ્રયત્ન છે ? તેની પણ સ્પષ્ટતા રાજકીય પક્ષોએ અને તેના મોવડી મંડળે કરવી જોઈએ તેવી અપીલ છે.

આ સાથે ગુજરાતમાં સત્તા પરિવર્તન માટે જવાબદાર કોણ ? એક કોમને સાચવવા માટે જ મુખ્યમંત્રી બદલાયા છે કે તેમની પાછળ આર્થિક પરિબળ જવાબદાર છે તેની સ્પષ્ટતા પણ લોકમાનસને સંતોષ આપવા ભાજપનાં હાઈકમાન્ડે કરવો જોઈએ તેવી પણ અપીલ છે.

# પટેલ સેવા સમાજની યુવા સંગઠનની ટીમે ૨૨૫ છાત્રોનાં RTE ફોર્મ નિઃશુલ્ક ભરી આપ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

શ્રી પટેલ સેવા સમાજ-રાજકોટએ આ વર્ષે એક પહેલ કરીને આરટીઇ યોજના હેઠળ વિભિન્ન સમાજના ૨૫૫ બાળકોના ફોર્મ ઓનલાઇન નિઃશુલ્ક ભરી આપી, વિવિધ સામાજિક સંગઠન માટે પણ એક પ્રેરક ઉદાહરણ પુરું પાડયું છે. શ્રી પટેલ સેવા સમાજ-રાજકોટના પ્રમુખ અરવિંદભાઈ પટેલ (ફિલ્ડમાર્શલ)એ આ વર્ષે આરટીઇના ફોર્મ તમામ સમાજના પ્રવેશ લાયક બાળકોને નિઃશુલ્ક ભરી આપવા સંસ્થાની યુવા સંગઠન ટીમને આહવાન કરતા યુવા સંગઠન ટીમના કોમ્પ્યુટર નિપૂણ યુવા સદસ્યોએ બીડુ ઝડપી લીધું.




યુવા સંગઠન ટીમના પ્રમુખ ડેનિસ કાલરીયા, કન્વીનર વિનુભાઈ ઇસોટીયા, ઇન્ચાર્જ વિજયભાઈ ગોધાણીના નેતૃત્વમાં યુવાનોએ સતત ૧૧ દિવસ સુધી સેવાઓ આપી અને વિભિન્ન સમાજના ૨૫૫ જેટલા પ્રવેશ લાયક બાળકોના ફોર્મ ઓનલાઇન ભરી આપ્યા હતા. ઓનલાઇન ફોર્મ ભરાયા પછી સરકારી તંત્ર દ્વારા તે સંદર્ભમાં કોઇ પુછાણ આવે તો આવી ક્વેરી પણ આ યુવા સંગઠન ટીમના યુવાનોએ પૂર્તતા કરી અપલોડ કરી આપી હતી.

આરટીઇ ફોર્મ ભરી આપવાની આ સફળ કામગીરીમાં યુવા સંગઠન ટીમના કોમ્પ્યુટર નિષ્ણાંત યુવા સદસ્યો સર્વ પ્રો. વિનુભાઈ ઇસોટીયા, પાર્થ શેરસીયા, પરાગ કનેરિયા, હરેશ પાડલીયા, નિલ જાવિયા, ડેનિસ ભાલોડીયા, ડો. જયદીપ પટેલ, જૈમીષ પાડલીયા, ઉમંગ કોરીંગા, ચેતન ઘોડાસરા, પિન્ટુ વાછાણી, તુષાર વાછાણી, નિલેશ હીંસુ, ચેતન ડઢાણીયા, મિલન ભાલોડી, કમલેશ ઘોડાસરા, સંદીપ રાણીપા, વિજય વામજા, પ્રફુલભાઇ સાપરિયા, નિલેશભાઈ સાપરિયા, સુરેશભાઈ અઘેરાએ પ્રશંસનીય સેવા આપી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિદ્યાર્થીની રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કણસાગરા મહિલા કોલેજની વિદ્યાર્થીની કુ. જહાનવી નિર્મળભાઈ મહેતા ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી જુડો ચેમ્પિયનશીપમાં પસંદગી પામી છે.

કુલપતિપ્રો.ગીરીશભાઈ ભીમાણીએ કુ.જહાનવીને રાષ્ટ્રીય કક્ષાની જુડો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ ઉજાગર કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. કુ. જહાનવી મહેતાએ આગામી સમયમાં બેંગ્લોર ખાતે રમાનાર ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી જુડો ચેમ્પીયનશીપમાં ભાગ લેશે.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ નિયામક(કાર્યકારી) ડો.મીનાક્ષીબેન પટેલ તથા ગીતાંજલી કોલેજના શારીરિક શિક્ષણના અધ્યાપક ભુમીબેન વરીયા ઉપસ્થિત રહ્યા હતા.

### વડાપ્રધાનને યાત્રાધામોના વિકાસની

## પ્રગતિનો અહેવાલ આપતા અરવિંદ રૈયાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

ગુજરાત સરકારના યાત્રાધામ અને પ્રવાસન વિભાગના મંત્રી તથા રાજકોટ પૂર્વના ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણીએ નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. દિલ્હી ખાતેની મુલાકાતમાં મંત્રીએ વડાપ્રધાનને યાત્રાધામોના



વિકાસની પ્રગતિનો અહેવાલ આપ્યો હતો સાથે જ બોર્ડની કામગીરી અને યોજનાઓ અંગેની પુસ્તિકા પણ અર્પણ કરી હતી.

# પાણીના નળમાં ઈલેકટ્રીક મોટર મુકતા મનપાએ ૧૨ ઈલેકટ્રીક મોટર જપ્ત કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

મહાનગરપાલિકા દ્વારા બુધવારેથી પાણીના નળમાં ઈલેકટ્રીક મોટર મુકતા કે અન્ય કોઈ અનઅધિકૃત રીતે ડાયરેકટ પેપિંગ કરતા લોકો સામે પગલા લેવા તેમજ શહેરમાં પીવાના પાણીના અન્ય સોર્સમાંથી ભળતું ગંદુ પાણી કે ઓછા ફોર્સથી નળમાં પાણી આવવાની ફરિયાદોના નિકાલ અર્થે સ્થળ ચકાસણી સહિતના કામો ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવેલ છે તેમ મ્યુ.કમિશનર અમિત અરોરાએ જણાવ્યું હતું.



વોર્ડ નં. ૨, ૩, ૭ અને ૧૭ના રેસકોર્ષ પાર્ક, પોપટપરા, હાથીખાના મેઈન રોડ, રામનાથ પરા, સહકાર સોસાયટી, ગુલાબનગર અને દામજી મેપા પ્લોટના વિસ્તારોમાં ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૩ આસામીઓ ડાયરેકટ પમ્પિંગ કરતા મળેલ હતા. ૨ આસામીની ઈલેક્ટ્રિક મોટર જપ્ત કરવામાં આવી હતી તેમજ રૂ. ૨,૫૦૦ ની પેનલ્ટી વસુલ કરવામાં આવી હતી.

વોર્ડ નં. ૧, ૮, ૧૦, ૧૧અને ૧૨ના ગાંધીગ્રામ, ગોકુલધામ, અમીન માર્ગ, તિરુપતિ નગર, ઉદયનગરના વિસ્તારોમાં ચકાસણી કરવામાં આવી હતી. જેમાં આજના દિવસે કુલ ૩ ઇલેક્ટ્રિક મોટર જપ્ત કરવામાં આવી હતી. જ્યારે એક આસમી પાસેથી ૨૫૦/-ની પેનલ્ટી વસૂલ કરાઈ હતી. જ્યારે અન્ય બે કિસ્સાઓમાં નોટિસ આપવામાં આવી હતી.

વોર્ડ નં. ૪, ૫, ૬, ૧૫, ૧૬ અને ૧૮માં રામ પાર્ક, શક્તિ પાર્ક, નારાયણનગર, પ્રજાપતિનગર, શક્તિ સોસાયટી, સિલ્વર નેસ્ટ સોસાયટી, શિવાજીનગર, દૂધસાગર રોડ, જૂનું સાગર સોસાયટી, ગોવિંદનગર, જૂનું કેદારનાથ સોસાયટી, હાપાલિયા પાર્ક અને જે.કે. પાર્કના વિસ્તારોમાં ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી કુલ ૪ ભૂતિયા નળ કનેક્શન, ૧૩ ડાયરેકટ પમ્પિંગના કરતા આસામીઓ માલુમ જણાયા હતા અને ૧૨ ઇલેક્ટ્રિક મોટર જપ્ત કરવામાં આવી હતી. જ્યારે રૂ. ૧૨,૭૫૦ ની પેનલ્ટી વસુલ કરવામાં આવી હતી. તેમ જણાવ્યું છે.

# ગુજરાત બેંક વર્કર્સ યુનિયન દ્વારા છાશ વિતરણ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન દ્વારા એઆઇબીઇએના સ્થાપના દિન તથા આર.ડી.ત્રિવેદીની જન્મતીથિ નિમિતે આજે રાજકોટમાં ૩ સ્થળે છાશ વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો તથા યુનિયનની સામાજીક સેવાને બીરદાવી હતી યુનિયન દ્વારા રૈયા રોડ, પરાબજાર તથા ઢેબર રોડ પર આજે છાશ વિતરણ થયું હતું. જેમાં યુનિયનના હોદ્દેદારો તથા બેંક કામદારોએ શ્રમદાન આપ્યું હતું.

### દિવ્યાંગો માટે સરકારનો નવો પ્રકલ્પ

## PwD મોબાઈલ એપ્લિકેશનથી મતદાર તરીકે નોંધણી કરાવવી વધુ સરળ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

એક મત સમગ્ર રાષ્ટ્રના ભવિષ્યનું સર્જન કરતું હોય છે. ત્યારે મત આપવો એ દેશનાં દરેક નાગરિકની નૈતિક જવાબદારી બની રહે છે. દેશનાં કોઈપણ નાગરિકને મત આપવામાં કોઈ વિઘ્ન ન આવે, અને ખાસ કરીને દિવ્યાંગો પણ આ ચૂંટણીનો ભાગ બની શકે અને તેમને મતદાન કરવામાં સરળતા રહે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા નવો પ્રકલ્પ હાથ ધરાયો છે. જે અન્વયે ગુજરાત રાજ્યનાં નિર્વાચન અધિકારી દ્વારા પી.ડબલ્યુ.ડી.(PwD) નામની મોબાઈલ એપ્લિકેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે પ્લેસ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકાશે. મુખ્યત્વે દિવ્યાંગ મતદાર તરીકે નોંધણી કરાવવા માટેની કામગીરી વધુ સરળ બનાવવા અંગેનો હેતુ આ એપ્લિકેશનમાં રાખવામાં આવ્યો છે. જેમાં નવા મતદાર તરીકે નોંધણી કરવા, મતદાર યાદીમાં નામ ટ્રાન્સફર કરવા, મતદાર યાદીમાં નામ સુધારવા કે નામ કમી કરવા, વ્હિલચેર માટે, મતદાન મથક શોધવા વગેરે જેવી વિવિધ કામગીરી કરી શકાશે.

આ ઉપરાંત વધુ જાણકારી મેળવવા ૧૯૫૦ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે. અથવા https://ceo. gujarat.gov.in/Default ની વેબસાઈટનો સંપર્ક કરવાનો રહેશે. તેમ ગુજરાત રાજયનાં મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# યુવાન ઉપર ધોકા વડે સામુહિક હુમલાના કેસમાં મેંદાને એક વર્ષની જેલસજા

## અન્ય પાંચ આરોપીઓનો છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

ગૌતમનગરમાં જૂની અદાવતને કારણે વિજય ઉર્ફે વિજેન્દર ઉપર ધોકા વડે સામુહિક હુમલાના છ વર્ષ પહેલાના કેસમાં સેશન્સ અદાલતે આરોપી મહેન્દર ઉર્ફે મેંદો મનુભાઈ માલા (રહે. ગોલ્ડ કોઈન સોસાયટી નાના મવા રોડ)ને તકસીરવાર ઠેરવી અને ૧ વર્ષની કેદની સજા ફરમાવેલ છે, જોકે અન્ય પાંચ આરોપીઓનો અદાલતે છૂટકારો ફરમાવ્યો છે. બનાવની ટુંક હકીકત મુજબ ફરીયાદી ચંદ્રિકાબેન મગનભાઈ વરાણીયા (વેલનાથ સોસાયટી સામે મોરબી રોડ)ની ફરિયાદની હકીકત મુજબ ઈજા પામનાર વિજેન્દર ઉર્ફે વિજય અને આરોપી મહેન્દ્ર ઉર્ફે મેંદો વચ્ચે અગાઉની અદાવતને લઈને ડખો વધી જતાં મહેન્દ્ર ઉર્ફે મેંદાએ અન્ય પાંચ જણા સાથે વિજય વરાણીયા ઉપર



એડવોકેટઃ મહેશ એસ જોષી



એડવોકેટઃ સ્મીતાબેન અત્રી

ગઈ તા. ૧/૩/૧૬ ની મોડી રાત્રીએ ગૌતમનગર આંબેડકર ભવન સામે આવેલ ખુલ્લા વંડા ખાતે સામૂહિક રીતે ગાળો આપી લાકડાના ધોકા અને વાંસના ધોકા વડે હુમલો કરીને મર્મ ભાગો ઉપર તથા હાથે પગે ગંભીર ઇજાઓ અંગે આઈ.પી.સી. કલમ ૩૦૭ની ફરિયાદ નોંધાવી હતી. તેમાં આરોપીઓની ધરપકડ બાદ તપાસના અંતે ચાર્જશીટ થયેલ. જે કેસમાં ઈજા પામનાર વિજયનું જુબાની આપતા પહેલા મુત્યુ થઈ ગયેલ, જેથી ફરિયાદી મરણજનારના વિધવા વિગેરે કુલ ૨૦ મૌખિક પુરાવા તપાસવામાં આવેલા અને મહત્વના આશરે ૩૫ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ, જે તમામ ધ્યાને લઈ સેશન્સ અદાલતે આરોપી મહેન્દ્ર ઉર્ફે મેંદાને આઈ.પી.સી. કલમ ૩૨૩ હેઠળ તકસીરવાર ઠેરવી ૧ વર્ષની સજા ફરમાવેલ છે તેમજ અન્ય પાંચ આરોપીઓને શંકાનો લાભ આપેલ છે.

આ કામમાં સરકાર તરફે એડવોકેટ તરીકે સ્મીતાબેન અત્રી તથા મહેશ એસ જોષી રોકાયા હતા.

# વોર્ડ નં.૧૫ માં સી.સી.રોડનું કામનું ખાતમુહૂર્ત કરતા કિશોર રાઠોડ



મંત્રી અરવિંદ રૈયાણીની ઉપસ્થિતિમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી વિકાસલક્ષી કામનો પ્રારંભ કરવામાં આવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

વોર્ડ નં.૧૫માં ગંજીવાડા મહાકાળીચોક શેરી નં.૩૬ અને ખોડીયારનગર મેઈન રોડ ૧૯/૨૦ સી.સી રોડ કામનું મંત્રી અરવિંદભાઇ રૈયાણી ઉપસ્થિતિમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલ આ કામનું ખાતમૂર્હત શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડ નં.૧૫માં વોર્ડના પ્રભારી જીણાભાઇ ચાવડા, વોર્ડ પ્રમુખ સોમાભાઈ ભાલીયા, મહામંત્રી મહેશભાઈ બથવાર, રત્નાભાઈ મોરી, પાંચાભાઈ વજકાણી, વિનોદભાઈ કુમારખાણીયા, મયુરભાઈ વજકાણી, યુવા ભાજપ શહેર મંત્રી સંજયભાઈ વજકાણી, ઉજેશભાઈ દેશાણી, મયુરભાઈ બસિયા, મરામભાઈ બારીયા, રણછોડભાઈ જાગરાણા, વરજાંગભાઈ હુંબલ વિગેરે ઉપસ્થિત રહેલ.

# સુજોક થેરાપીના અવેરનેસ અને સારવાર કેમ્પ યોજાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

સુજોક થેરાપીના અવેરનેસ અને સારવાર કેમ્પ યોજાયા થેરાપીની માતૃસંસ્થા ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન તેમજ કાર્યક્રમ અને પુસ્તક પ્રકાશન દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિ માટે કાર્ય કરતી સંસ્થા મિશન જાગૃતમ્ ફાઉન્ડેશન દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટ, સાધુ વાસવાણી રોડ ખાતેની યોગ શિબિરમાં અવેરનેસ કેમ્પ તેમજ અમરનાથ મંદિર, સાંઈનગર ખાતે સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અન્યનું તો એક વાંકું, પણ અઢારેય અંગ વાંકા હોય તો શું કહેવું?







(તસવીરઃ પકંજ ડાભી)



## તો એનું નામ જ રાજકોટ સિવિલ, ચારેતરફ ગંદકી, કચરો, ભંગાર રસ્તા અહીં આવનારા દર્દીઓ પૂછે છે અમે બીમાર છીએ કે સિવિલ આખી માંદી છે?!!

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ: રાજકોટમાં હમણાં-હમણાં થોડા દિવસ પહેલાથી સ્વચ્છતા જાળવવા માટે મનપાએ એક નવો આદેશ અમલમાં મુક્યો છે. પાણી બચવવા માટેનાં મૂળ આશય સાથે બહાર પાડેલો ફતવો એવું ચેતવે છે કે, રાજકોટવાસીઓ ખબરદાર, જો પાણીથી ઘરનું આંગણું ધોયું તો પણ દંડ ભરવા તૈયાર થઇ જજો. વાત સારી છે પણ ઘરનાં આંગણામાં ગંદકી તો થવાની જ છે, પવનથી ઉડીને કચરો અને ઝાડ-પાનનાં પાંદડા પણ જમા થાય છે તેનું શું? શહેરમાં રહેતા નાગરિકો પર દંડની તલવાર લટકાવી રાખવામાં આવી છે પણ જ્યાં સૌથી વધુ સુદ્રઢતા, સુખાકારી અને સાફસફાઈની જરૂર હોય એવી સેંકડો હજારો લોકોને સ્પર્શતી ઈમારતને ગંદકીનો રોગ વળગી ગયો હોય તો કોણ કહેવા જશે? અમારા તસ્વીરકારે તેના કેમેરામાં કેદ કરેલી સિવિલ હોસ્પિટલનાં વિવિધ વિભાગોનાં પરિસરની અવદશા રાજકોટવાસીઓની આંખો પહોળી કરી નાખે તેવી છે. અહીં બાયોમેડીકલ વેસ્ટ ભેગું કરવા માટે એક ખાસ રૂમ બનાવવામાં આવ્યો છે. પણ તસ્વીરમાં આપ જોઈ શકો છો કે તમામ વેસ્ટ રૂમની બહાર આજુબાજુ વેરાયેલો પડ્યો છે અને સિવિલમાં આવનારાનાં આરોગ્ય પર ગંભીર પ્રકારનો ખતરો ઉભો કરી રહ્યો છે. એટલે જ રાજકોટ સિવિલને અસુવિધા અને અગવડોનું સરનામું કહેવામાં આવે છે. એક દર્દી પગમાં પાટા બંધીને સ્ટ્રેચરની રાહ જોઈ રહ્યો છે. સિવિલમાં સ્ટ્રેચર નથી એવું નથી પણ એ બધા સ્ટ્રેચર ઈમારતની અંદરની લોબીઓમાં ખડકી દેવામાં આવ્યા છે. હદ તો ત્યાં થાય છે કે, આવા કેટલાય સ્ટ્રેચરને તાળું મારીને બાંધી રાખવામાં આવ્યા છે. આમાં બિચારા દર્દીના પરિવારજનો ખૂદ સ્ટ્રેચર લેવા જાય તો કઈ રીતે લાવી શકે? આ અને આવી અનેક અગવડતાઓનો રોજેરોજ હજારો દર્દીઓ અને પરિજનો સાક્ષાત અનુભવ કરતા રહે છે. અંદરનાં એટલે કે સિવિલ હોસ્પિટલનાં આંતરિક રસ્તા ગાડા માર્ગને પણ સારા કહેવડાવે તેવા થઇ ગયા છે. અહીંથી વ્હીલચેરમાં કે સ્ટ્રેચરમાં દર્દીને લઇ જવાતો હોય ત્યારે તેની કેવી હાલત થતી હશે એ દર્દી જાણે અને ભગવાન જાણે..!! આ રીતે આ સિવિલ ઊંટનાં અઢારેય વાંકા જેવી બની ગઈ છે. પણ સિવિલનાં સંચાલકો કે તંત્રવાહકોનાં ચહેરા પર શરમનાં શેરડા ક્યારે પડે છે એ ઝીલવા માટે અમારા તસ્વીરકાર રાહ જોઈ રહ્યા છે.(૨.૧૨)

## વોર્ડ નં.૧૭ માં ડામર રોડનું ખાતમુહૂર્ત કરતા શાસકપક્ષના નેતા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૨૧

વોર્ડનં.૧૭માં કોઠારીયા મેઈન રોડ નંદાહોલ થી નીલકંઠ સિનેમા સુધી અને હરીભાઈ ઘવા માર્ગ પર આવેલ સિલ્વર પાર્ક સોસાયટીનું ડામર રોડનું ખાતમુહૂર્ત શાસકપક્ષના નેતા વિનુભાઈ ઘવાના હસ્તે કરાયું.

આ પ્રસંગે શાસકપક્ષના નેતા વિનુભાઈ ઘવા, કોર્પોરેટર કીર્તીબા રાણા, મહામંત્રી યોગેશભાઈ ભટ્ટ, વોર્ડ પ્રમુખ જેન્તીભાઈ નોંઘણવદરા, કિશાન મોરચાના મંત્રી વિઠલભાઈ પટેલ, ભાજપ અગ્રણી ગૌતમભાઈ ગોસ્વામી, જગદીશભાઈ વાઘેલા, વિઠલભાઈ પટેલ, સુરૂભા ઝાલા, દિનેશભાઈ ગોંન્ડલીયા, ચિરાગભાઈ ભટ, દિપેનભાઈ સાકડેચા, હિતેન્દ્રભાઈ વડેરા, અશોકભાઇ, મનસુખભાઈ, રૂપેશભાઈ, મહેશભાઈ સહિતના લતાવાસીઓ ભાઈઓ હાજર રહેલ.

## શ્રી સીતારામ ગૌશાળા અને અન્નક્ષેત્ર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સાતમો સમૂહલગ્ન મહોત્સવ સંપન્ન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૨૧

શ્રી સીતારામ ગૌશાળા અને અન્નક્ષેત્ર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કોશીકભાઈ દેવમુરારી તથા મહંતશ્રી

**વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર કીર્તીબા રાણાનું સન્માન કરાયું**

બાલકદાસ બાપુ દેવમુરારી દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી સર્વજ્ઞાતિ માટે સમુહલગ્નનું



અયોજન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ સર્વજ્ઞાતિ સાતમો સમુહલગ્ન મહોત્સવ નું આયોજન સહકાર મેઈન રોડના છેડે સીંદુરીયા ખાણ પાસે આવેલ અવધપુરી રામજી મંદીર પાસે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વોર્ડ નં.૧૭ ભાજપના કોર્પોરેટર કીર્તીબા રાણાનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું અને વોર્ડમાં તેમની અવિરત લોકસેવાની કામગીરીને બીરદાવી હતી.

## સુરતમાં ગ્રીષ્મા નામની યુવતીની કરપીણ હત્યા કરનાર ફેનિલને દોષિત જાહેર કરતી અદાલત, આવતીકાલે સજા સંભળાવાશેઃ ફરિયાદ પક્ષે ગ્રીષ્મા વેકરીયાની જાહેરમાં ગળું કાપી હત્યા કરનાર નરાધમ ફેનિલને ફાંસીની સજાની માંગ કરી

# રાજકોટ ક્રાઈમ

### અગાસી પરથી પડી જતા વૃદ્ધનું મૃત્યુ

રાજકોટ: મવડીપ્લોટ ધરમનગર શેરી નં.૪/૭ ના ખૂણા પાસે રહેતી દીકરીના ઘરે આવેલા પિતા નારણભાઈ જીવાભાઈ મકવાણા (ઉ.વ.૭૫) અગાસી પરથી પડી જતા ગંભીર ઈજા થઇ બેભાન થઇ જતા બેભાન હાલતમાં સિવિલે ખસેડતા ત્યાના ફરજ પરના તબીબે મૃત્યુની જાણ કરતા મકવાણા પરિવાર શોકમગ્ન બન્યું હતું.

### ૩ અજાણી મહિલાએ નેપાળીના ઘરમાં ચોરી કરી

રાજકોટ: સાધુવાસવાણી રોડ ગોલ્ડન સુપરમાર્કેટની બાજુમાં આલેખ એપાર્ટમેન્ટમાં ચોકીદારની ઓરડીમાં રહેતી મૂળ નેપાળની પુરણભારતી ધુમલેભારતી (ઉ.વ.૫૬)એ યુની.પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર ગઈકાલે સવાર ના ૩ અજાણી મહિલાએ મળીને ઓરડીનું તાળું તોડી રોકડા રૂ.૩૨,૫૦૦ તથા સોનાનું પેન્ડલ કી.રૂ.૧૨,૦૦૦ મળી કુલ ૪૪,૫૦૦ ની ચોરી કરી જે અંગે યુની.પોલીસે ગુનો નોંધી મહિલા ચોરોને પકડવા તજવીજ હાથ ધરી છે.

### ફોરવ્હીલ ચાલકે અડફેટે લેતા મહિલાનું મૃત્યુ

રાજકોટ: પોપટપરા મેઈનરોડ કૃષ્ણનગર શેરી નં.૩ /અ સિટી સ્ટોપ પાસે રહેતા બલદેવસિંહ જાડેજા (ઉ.વ.૪૨)એ આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર તેમની બહેન પ્રવીણાબા ગોહિલ (ઉ.વ.૪૫)ગઈકાલે કોઠારિયા રીંગ રોડ રામપાર્ક સોસાયટી સામે હાઈ-વે રોડ ક્રોસ કરતા હતા ત્યારે સામેથી પુરઝડપે આવી રહેલી ફોરવ્હીલે અડફેટે લેતા માથામાં ગંભીર ઈજા થતા સારવાર માટે સિવિલે ખસેડતા ત્યાના ફરજ પરના તબીબે તપાસી મૃત્યુની જાણ કરતા જાડેજા પરિવારમાં અરેરાટી સર્જાઈ હતી આ બનાવ અંગે આજીડેમ પોલીસે નાસી છુટેલ કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### તીનપત્તીનો જુગાર રમતા ૫ ઝડપાયા

રાજકોટ: કુવાડવા પોલીસ સ્ટેશનની ટીમ જુગારની ડ્રાઈવ અનુસંધાને પેટ્રોલિંગ દરમ્યાન ચોક્કસ બાતમીને આધારે કુવાડવા ગામ ઘાંચીવાડ શેરીમાં દરોડો પાડતા જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા નીલેશ ભીંડોળા(ઉ.વ.૫૪), મનસુખ ઝીંઝરીયા(ઉ.વ.૫૮),ગીરીશ કાકડિયા(ઉ.વ.૬૧),મહેશ ધોકિયા (ઉ.વ.૩૮),અરવિંદ દુધાત્રા (ઉ.વ.૫૪)ને રોકડા રૂ.૧૫૯૪૦ સાથે ઝડપી લઇ પાચે ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વરલી ફીચરનો જુગાર રમતો ઈસમ ઝડપાયો

રાજકોટ: રામનાથપરા ભવાની નગર શેરી નં.૯ માં રહેતો અજાય ગોવિંદભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭)જાહેરમાં વરલી ફીચરના આકડા લખી જુગાર રમાડતો જેની જાણ બાતમીના આધારે થોરાળા પોલીસને થતા દૂધસાગર રોડ ચુનારવાડ શેરી નં.૩ ના ખૂણે થી અજય ને વરલી ફીચરનું સાહિત્ય તથા રોકડા રૂ.૪૧૦૦ સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રાજકોટના આંગણે તા.૨૩મીએ સૌપ્રથમ વખત ભવ્ય આગમન

## ગુરૂદેવ પૂ.નયપદ્મસાગરજી મ.સા. એવમ્ સાધ્વી શ્રી મયણાશ્રીજીના સ્વાગતની તૈયારી

### પ્રભુ મહાવીર સ્વામીનો દિવ્ય ધર્મ સંદેશ ફરમાવશે, સમસ્ત જૈન સમાજ દ્વારા ભવ્ય સન્માન કરાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૨૧

નગરી રાજકોટના આંગણે સમસ્ત જૈન સમાજ દ્વારા પ્રથમવાર જીઓ, જીતો, ચારેય ફીરકાઓના સંગઠન પ્રેરણાદાતા, ગુરૂદેવશ્રી નયપદ્મસાગરજી મ.સા. એવમ સાધ્વી શ્રી મયણાશ્રીજી મ.સા.નું ભવ્ય આગમન થશે તથા પ્રભુ મહાવીર નો ધર્મ સંદેશ ફરમાવશે. તા. ૨૩ ને શનિવારના રોજ સવારે ૭:૧૫ કલાકે હેમુગઢવી હોલ ખાતે ભવ્યાતિ ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

આ પ્રસંગે સાહિત્યપ્રેમી પૂ.શ્રી દેવેન્દ્રમુનિ મ.સા., પરમશ્રધ્ધેયય પૂ.શ્રી ધીરજમુનિ મ.સા., ગુજરાતરત્ન પૂ.શ્રી સુશાંતમુનિ મ.સા., પૂજયશ્રી જે.પી. ગુરુદેવ એવમ પરમ પૂજયશ્રી મહાસતીજીઓ ની પ્રેરક ઉપસ્થિતિમાં ચારેય ફીરકાઓના ૧૬૦૦૦ ઉપરાંત પૂ. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ માટે નિમિત બનનાર શ્રમણ આરોગ્યમના પ્રેરણાદાતા પૂ. ગુરુદેવશ્રી રાજકોટમાં પ્રથમ વખત પધારતા હોઈ સમસ્ત જૈન સમાજમાં અનેરો ઉત્સાહ છવાઈ ગયો છે. પૂ. ગુરુદેવશ્રી નયપદ્મસાગરજી મ.સા. એવમ સાધ્વી શ્રી મયણાશ્રીજી મ.સા. ''અમે અમારો સમાજ અને અમારા ભવિષ્ય ઉપર''પ્રવચન આપવાના છે.

શનિવારના સવારના ૭:૩૦ કલાકે હેમુગઢવી હોલમાં રાખેલ જાહેર પ્રવચનમાં જૈન-જૈનેતરે ઉમટી પડવા ચારેય ફીરકાઓના સંઘ પ્રમુખઓ, મંત્રીઓ અને ટ્રસ્ટીઓએ હાકલ કરી છે. તા. ૨૩ ને શનિવારે હેમુ ગઢવી હોલ ખાતે સવારે ૭:૩૦ થી ૯ સુધી તેઓ રાજકોટના શ્રોતાઓ માટે વિવિધ જ્ઞાનની વાનગીઓ પીરસવા માટે ઉત્સુક છે. તેઓ ફક્ત ૧ જ દીવસ માટે જાહેર જનતાને લાભ આપી રહયા હોઈ જૈન સમાજ ઉપરાંત અન્યોને પણ પધારવા માટે સમસ્ત જૈન સમાજ-રાજકોટ આમંત્રણ પાઠવેલું છે. વહેલા તે પહેલાના ધોરણે મર્યાદીત સીટ હોઈ પ્રવેશ આપવામાં આવશે. કાર્યક્રમ સંપન્ન થયે નવકારશીનું પણ આયોજન કરવામાં આવેલ છે. રાજકોટના મૂર્તિ પૂજક તથા સ્થાનકવાસી તથા દીગંબર તથા રાજચંદ્ર તેમજ તેરાપંથી સહિતના દરેક ફીરકાઓના અગ્રણીઓ ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે. જેમાં જૈન સોશિયલ ગૃપ, દીગંબર ગૃપ, જૈન જાગૃતિ સેન્ટર, અર્હમ ગૃપ, સંઘોના તમામ યુવા મંડળો, મહીલા મંડળો, મારવાડી જૈન ગૃપ સહીત સમાજના અનેક સંસ્થાઓ જોડાઈ રહ્યા છે હેમુ ગઢવી હોલમાં ૭:૩૦ પહેલા પ્રવેશ કરનાર શ્રાવક ભાઈઓ-બહેનોને લકકી ડ્રોનું કુપન તથા નવકારશીનો પાસ આપવામાં આવશે.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

### પ્રમુખ ભૂપતભાઇ બોદર અને ડીડીઓ દેવ ચૌધરીના અદ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

## રાજકોટ જિલ્લામાં રસ્તાના ચાલતા કામોની સમીક્ષા

### ધીમા કામો બદલ કોન્ટ્રાકટર એજન્સીઓને ટકોર, નોટીસ આપવા છતાં કામો નહીં કરતી એજન્સીઓને બ્લેકલીસ્ટ કરવા સુચન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

ગુજરાતમાં છેવાડાના માનવીને પણ સુવિધાસભર જીવન મળે અને સુશાસનનો અનુભવ થાય તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ભાજપ સરકાર દ્વારા પૂરતા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે અને વિકાસકાર્યો વેગવંતા બનાવવામાં આવ્યા છે ત્યારે રાજકોટ જીલ્લો પણ આ વિકાસની દોડમાં અગ્રેસર રહેશે. રાજકોટ જીલ્લા પંચાયત ખાતે પ્રમુખ ભૂપતભાઈ બોદરના અધ્યક્ષ સ્થાને રાજકોટ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માર્ગ, મકાન અને રોડ રસ્તાના કામો કરતી તમામ એજન્સીઓ સાથે મિટિંગ યોજવામાં આવી હતી. જે અંતર્ગત રાજકોટ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત તથા પડતર રોડ રસ્તાના તમામ કામો બાબતે તાલુકા વાઈઝ સમીક્ષા કરવામાં આવી તથા કામ ઝડપી પૂર્ણ કરવા માટે કડક શબ્દોમાં સુચના આપવામાં આવી હતી. કામગીરીમાં થતો વિલંબ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે તેમજ વારંવાર નોટીસ આપવા છતાં કામ નહીં કરતી એજન્સીઓને બ્લેક લીસ્ટની દરખાસ્ત કરવા અધિકારીઓને સુચના આપવામાં આવી હતી. રાજકોટ જીલ્લાના રોડ - રસ્તા ના ધીમા કામો બદલ ટકોર કરી અને આ કામો સત્વરે પુરા કરવા કડક તાકીદ પણ કરી હતી. આ મિટિંગમાં જીલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી તથા કાર્યપાલક ઈજનેર અને તમામ તાલુકા ના ના.કા.ઇ. ઉપસ્થિત રહ્યા હતા.

## 'આપ' નેતા ઈન્દ્રનીલ રાજયગુરૂની આગેવાનીમાં જુદા-જુદા સમાજનાં આગેવાનો જોડાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

આમ આદમી દ્વારા શહેરમાં ઈન્દ્રનીલ રાજયગુરૂની આગેવાનીમાં શહેર પ્રમુખ શિવલાલભાઈ બારસિયાની ઉપસ્થિતિમાં, પ્રદેશ સંગઠન મંત્રી અજીતભાઈ લોખીલનાં માર્ગદર્શનમાં આમ આદમી પાર્ટી પરિવારમાં આશરે ૨૦૦ થી વધારે અલગ- અલગ સમાજના, અલગ- અલગ રાજકીય પાર્ટીઓના આગેવાનો આમ આદમી પાર્ટીનો ખેસ પહેરીને વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા.

આગામી વિધાનસભા-૨૦૨૨ ની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી ગુજરાતમાં સંગઠનમાં સભ્ય જોડવાની ઝુંબેશ ચલાવી રહી છે. જેના ભાગરૂપે સભ્ય જોડાવા માટે કાર્યક્રમ યોજાયો, જેમાં અનેક આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા.

આ મિટિંગમાં આમ આદમી પાર્ટીના સંગઠન મંત્રી ગુજરાત પ્રદેશ રાજભાઈ ઝાલા, રાજકોટ શહેર મહામંત્રી કે. કે. પરમાર, સંજયસિંહ વાઘેલા, કોર્પોરેટર કોમલબેન ભારાઈ, ઝોન પ્રભારી વિપુલભાઈ તરૈયા, શહેર મંત્રી મુન્નાભાઈ ગઢવી, પરેશભાઈ સિંગાળા, પાલજીભાઈ રાઠોડ, કશ્યપભાઈ ભટ્ટ, રવિરાજ નિરંજની, ચિરાગભાઈ કાકડીયા, કાનાભાઈ ચૌહાણ, ઝોન સોશિયલ મિડીયા ઈનચાર્જ જતીનભાઈ ધામેલીયા, હર્ષાબેન શેઠ તેમજ ચોકસીભાઈ વગેરે આમ આદમી પાર્ટી પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. શહેર અધ્યક્ષ શિવલાલ પટેલની અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧.૧૨)


PACKAGINGHUB
પ્રોડક્ટ આપકા, સજાવટ હમારી ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

### આઈપીએલનો સટ્ટો રમતો ૧ ઝડપાયોઃ ૨ ની શોધખોળ

રાજકોટ: મારુતિનગર -૨ આશુતોષ એપાર્ટમેન્ટમાં રહેતો કેતન જેન્તીભાઈ વિઠ્ઠલાણી (ઉ.વ.૩૬)પોતાના મોબાઈલમાં ઓનલાઈન આઈડી બનાવી આઈપીએલની મેચમાં સટ્ટો રમાડતો જેની જાણ બાતમીના આધારે શહેર ક્રાઈમ બ્રાન્ચને થતા દરોડો પાડી કેતનને ઘર પાસેથી દબોચી મોબાઈલ નંગ.૨ કી.૧૩,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી તેમજ તેના અન્ય બે સાગરિત મિલન દક્ષિણી અને અંકુર મહેતાને પકડવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટમાં ખાણી-પીણીનાં ૧૫ ધંધાર્થીઓનું ચેકિંગઃ ચારને નોટીસ

## ૧૯ કિ.ગ્રા. જેટલા વાસી અખાદ્ય પદાર્થોનો નાશ કરાયોઃ રાજકોટ મનપાનાં ફુડ વિભાગ દ્વારા શહેરભરમાં વ્યાપક કામગીરી








**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકાનાં ફૂડ વિભાગ દ્વારા વન વીક વન રોડ અંતર્ગત વાણીયાવાડી મેઈન રોડ પર ખાણી-પીણીનાં ધંધાર્થીઓને ત્યાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. કુલ ૧૫ જેટલા ફૂડ બિઝનેસ ઓપરેટરની ચકાસણી કરવામાં આવી હતી અને એ પૈકી ચાર જેટલી પેઢીને લાઈસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી. ઉપરાંત ૧૯ કિ.ગ્રા. જેટલી વાસી, અખાદ્ય ચીજ-વસ્તુઓનો નાશ કરવામાં આવ્યો હતો.

વાણીયાવાડી મેઈન રોડ પર દિપ રેસ્ટોરન્ટમાં વાસી મન્ચુરીયન, સાંભર, બાંધેલો લોટ, બાફેલા બટેટા સહિત ૧૯ કિલો અખાદ્ય ચીજોનો નાશ કરી લાઈસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી. એ જ રીતે ધનંજય કિરાણા ભંડાર, જે માર્ટ તથા અરુણા ટીને લાઈસન્સની નોટીસ અપાઈ હતી. અન્ય ૧૧ જેટલી પેઢીઓમાં પણ અને ખાણી-પીણીની દુકાનોમાં ચકાસણી કરવામાં આવી હતી.

વૈદવાડી, જયંત કેજી મેઈન રોડ પર અભિનવ સ્ટોર્સ નામની પેઢીમાં અભિનવ બ્રાન્ડથી આયુર્વેદિક ઔષધીનાં નામે ઈમ્યુનીટી બુસ્ટર પાવડર, ડાયાબીટીશ ચુર્ણ અને એનર્જી પાવડર વગેરે પેકિંગ કરી આરોગ્યનાં દાવા કરવામાં આવતા હતા અને વેચાણ કરાતું હતું. તમામ પેકેટ પર આયુર્વેદી ૧૦૦ ટકા લખ્યું હતું પણ લાઈસન્સ નંબર ન હતો. તેમ છતાં પેકેટ પર રીટેઈલ દુકાનનો ફૂડ લાઈસન્સ બતાવી

### આયુર્વેદ ઔષધીનાં પેક્ડ પેકેટ બનાવી જનતાને ગેરમાર્ગે દોરવા બદલ એક પેઢીને લાઈસન્સ અંગે નોટીસ

ગેરરીતિ કરી છે. એ જ રીતે ઓમ બ્રાન્ડનાં નામથી અખાદ્ય સોડા એસ અને વોશિંગ સોડાનાં નાના પેક તૈયાર કરી તેના પર ફરસાણનાં ફોટા છાપ્યા છે. આથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર રાજકોટ વર્તુળનાં આસી.કમિશનરને જાણ કરવામાં આવી છે. અભિનવ એનર્જી પાવડર અને ડાયાબીટીશ માટેની ફાકીનાં નમુના લઇ ચકાસણી માટે મોકલાયા છે.

જંકશન પ્લોટમાં આહુજા આઈસ્ક્રીમમાંથી રાજભોગ આઈસ્ક્રીમનાં નમુના લઇ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. આ રીતે મનપાએ લોક આરોગ્ય અને જનહિતને નજરમાં રાખીને અખાદ્ય ખાણી-પીણીની ચીજો સામેની ઝુંબેશને વધુ વેગવાન બનાવી છે.(૨.૧૨)

રાજકોટમાં ધો.૧૦ અને ૧૨ના પેપર ચકાસણીનો મામલો

# પેપર ચકાસણી કાર્યવાહીમાં ગેરહાજર ૨૩૦ શિક્ષકોને નોટીસ ફટકારતા ડીઈઓ

## ૩ દિવસમાં ખુલાસો આપવો પડશેઃ સંતોષકારક જવાબ આપવામાં નહીં આવે તો શિક્ષકો વિરૂદ્ધ દંડાત્મક કાર્યવાહી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ.તા.૨૧

તાજેતરમાં જ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ત્યારે હાલ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતભરમાં પેપર ચકાસણીની પ્રક્રિયા શરૂ છે. આ તમામની વચ્ચે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડના પેપર ચકાસણીની પ્રક્રિયામાં શિક્ષકો નિરૂત્સાહી હોવાનું સામે આવ્યું છે. રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ૨૩૦ જેટલા શિક્ષકોને નોટિસ પાઠવવામાં આવી છે.

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. કૈલાએ જણાવ્યું હતું કે, આગામી ત્રણ દિવસમાં નિરૂત્સાહી શિક્ષકોએ આ મામલે ખુલાસો આપવો પડશે. આગામી દિવસોમાં સંતોષકારક જવાબ નહીં આપવામાં આવે તો શિક્ષકો વિરૂદ્ધ દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે. જો સ્વનિર્ભર શાળા સંચાલક દ્વારા શિક્ષકોને છૂટા કરવામાં નહીં આવ્યા હોય તો તેને રૂપિયા ૧૦,૦૦૦ સુધીનો પણ દંડ ફટકારવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે કુલ ૪ હજારથી વધુ શિક્ષકો પેપર ચકાસણીની કામગીરીમાં હાલ પોતાની ફરજ નિભાવી રહ્યા છે. રાજકોટમાં ધોરણ ૧૨ સાયન્સમાં આ વર્ષે ૭૦૯૯ વિદ્યાર્થી માટે ૩૦ બિલ્ડિંગમાં પરીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ ધો.૧૦ અને ૧૨ના કુલ ૭૭,૨૩૦ વિદ્યાર્થીઓમાટે કુલ ૨૨૯૨ બ્લોકમાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી તંત્ર દ્વારા પણ બોર્ડની પરીક્ષામાં દરેક ઝોનની વ્યવસ્થા, સ્ટ્રોંગ રૂમ, ઝોનલ ઓફિસર સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# રાજકોટમાં પીવાના પાણી માટે કલેક્ટર દ્વારા ડેમો બનાવવા વિચારણા

## એકની દરખાસ્ત સરકારમાં મુકાઇઃ એક ડેમ બામણબોર પાસે તો બીજો ડેમ આજીડેમથી આગળ બનાવવા અંગે દરખાસ્ત કરવાની તૈયારી





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૨૧ :

સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમ-જળાશયો ૬૦ ટકાથી વધુ ખાલી બની ગયા છે ત્યારે અત્યારથી જ ૨૭થી વધુ ડેમમાં સિંચાઇનું પાણી બંધ કરવાની ફરજ પડી છે. રાજકોટ જિલ્લાના ૨૭ જળસ્ત્રોતોમાં ૫૦.૭ ટકા, ઝાલાવાડ પંથકના ડેમમાં ૨૪.૩૨ ટકા, જૂનાગઢ જિલ્લાના ડેમમાં ૪૪ ટકા, જામનગર જિલ્લાના જળસ્ત્રોતોમાં ૩૨ ટકા જ પાણીનો જથ્થો ઉપલબ્ધ બચ્યો છે. ચોમાસા પહેલા ગામડાંઓમાં પાણીની તંગીની સમસ્યાના સંકેતો દેખાઇ રહ્યા છે. આકરા ઉનાળામાં શહેરીજનોને પીવાનું પુરતું પાણી મળી રહે તે માટે તંત્ર દ્વારા તૈયારીઓ પણ શરૂ કરી દેવાય છે. દિવસે-દિવસે વિકસતા રાજકોટ અને વધતી વસતીને પણ ધ્યાને રાખી શહેરને પાણી પુરૂ પાડતા મુખ્ય બે ડેમો અને ન્યારી છે, ત્યારે વધારે પીવાના પાણીની જરૂરીયાત સહિતના મુદ્દે કલેકટરે સોમવારે એક ફુલ પ્રુફ મિટિંગ બોલાવી છે. સોમવારે યોજાનાર બેઠકમાં કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા સમગ્ર તંત્ર અને અન્ય તંત્રના જવાબદાર અધિકારીઓને પણ હાજર રહેવા જણાવ્યું છે. આ બેઠકમાં કલેકટર તંત્ર ઉપરાંત, ઈરીગેશન, પાણી પુરવઠા, ડેમ વિભાગ સહિતના અન્ય તંત્રના અધિકારીઓ પણ હાજર રહેશે.

આ બેઠકમાં કલેકટરના અધ્યક્ષ સ્થાને શહેરને પીવાના પાણીની જરૂરીયાત, પાણી પુરા પાડતાસ્ત્રોત વધારવા, ઇશ્વરીયા પાર્ક બોટીંગ, તળાવમાંથી ગાંડી વેલ દુર કરવા સહિતના મુદ્દે ચર્ચા કરી જરૂરી પગલા ભરવામાં આવશે.

શહેરની વધતી વસતીને ધ્યાનમાં લઇ કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા વધુ જળાશયો બનાવવા માટે કવાયત હાથ ધરાશે. જે અંતર્ગત આજી ડેમથી થોડે દુર અન્ય ડેમ બનાવવા માટે દરખાસ્ત અંગે ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત શહેરના તત્કાલીન કલેકટર રાજેન્દ્રકુમાર દ્વારા કરવામાં આવેલ હીરાસર - બામણબોર પાસે ડેમ બનાવવાની દરખાસ્તને સરકારને મોકલાઇ છે, તે અંગે ખાસ રીમાઇન્ડર અપાશે. આ ઉપરાંત ઇશ્વરીયા પાર્કમાં હાલ બોટીંગ બંધ છે, તે શરૂ કરવા પણ ચર્ચા કરી પગલા લેવાશે. સાથે જ ત્યાં ઉગી નિકળેલ ગાંડીવેલને દુર કરવા પણ કલેકટર દ્વારા કોર્પોરેશનને જાણ કરવામાં આવી છે.

હાલ રાજકોટ જિલ્લામાં કુલ ૧૬ ટેન્કરો દ્વારા પીવાનું પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે. જરૂર પડયે હજી પણ વધુ ટેન્કરો આપવામાં આવશે તેવું કલેકટર તંત્ર દ્વારા જણાવાયું હતું. હાલ જિલ્લામાં ગામડાઓમાં પીવાના પાણીની સ્થિતિ સારી છે, અમુક તાલુકાઓમાં ૨ દિવસે પાણી અપાય છે, તે અંગે કલેકટરે ઉમેર્યું હતું કે, જે તે ડેમોમાં પીવાનું પાણી ઓગસ્ટ સુધી જળવાય તે પણ જરૂરી છે.

ભાદર ડેમમાંથી સિંચાઇના પાણી અંગે કલેકટરે જણાવેલ કે, એ સરકાર નિર્ણય લેશે, હાલ જિલ્લામાં પીવાના પાણી અંગે કોઇ મોટો પ્રશ્ન નથી, તંત્ર તમામ લેવલે નજર રાખી રહ્યું છે, ગોંડલમાં પ્રશ્ન હતો તે પણ હલ કરી લેવાયો છે

સૌરાષ્ટ્ર અને કચ્છમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે

# રાજયના દરિયાકાંઠે ૩૦ થી ૪૦ની ઝડપે પવન પણ ફુંકાશેઃ હવામાન વિભાગ

## રાજયના અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ રહેશેઃ અમદાવાદ, બનાસકાંઠા, પાટણમાં વરસાદની આગાહી



અમદાવાદ.તા.૨૧

રાજ્યમાં હજુ પણ બે દિવસ કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.સૌરાષ્ટ્ર અને કચ્છમાં કમોસમી વરસાદની આગાહી કરી છે.સૌરાષ્ટ્રમાં થન્ડર સ્ટોર્મ સાથે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.જામનગર, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, મોરબીમાં વરસાદની શક્યતા છે.અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, દ્વારકા, કચ્છમાં વરસાદની આગાહી કરાઇ છે.જ્યારે બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, વડોદરા, સાબરકાંઠા, મહેસાણામાં અસર વર્તાશે.અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે.

(અનુ.પાના નં.૪ ઉપર)

## અમરેલીમાં રાત્રે ગાજવીજ સાથે માવઠુ : સૌરાષ્ટ્ર-કચ્છમાં ધૂપ-છાંવ સર્વત્ર મિશ્ર વાતાવરણનો માહોલ : જો કે ગરમીમાં રાહત : વાદળા આછા થતાં ખેડૂતોની ચિંતા ઘટી

# લીંબુની પરપ્રાંતની આવકો વધી, ભાવ ગગડ્યાં

## મહારાષ્ટ્ર-મદ્રાસની આવક વધી, હજુ પણ ભાવ ઘટવાની શક્યતા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૧

અત્યાર સુધીના ઇતિહાસમાં પ્રથમ વખત લીંબુના પ્રતિ એક કિલોના ભાવ રૂ.૪૦૦ના ઊંચી સપાટી સુધી અથડાઇ જતા દેકારો મચી ગયો હતો, પરંતુ હાલ માર્કેટિંગ યાર્ડમાં મહારાષ્ટ્ર અને મદ્રાસ તરફથી લીંબુની આવકો વધવા લાગતો જથ્થાબંધ માર્કેટમાં લીંબુના ભાવ ગગડવા લાગ્યા છે. રાજકોટ યાર્ડમાં વધતી આવકો વચ્ચે છૂટક માર્કેટમાં પ્રતિ એક કિલો લીંબુ કવોલિટી મુજબ રૂ.૧૦૦-૨૨૫ના ભાવે વેચાયા હતા. હાલ એકંદરે તમામ શાકભાજીના ભાવમાં ૩૦-૪૦ ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. માર્કેટિંગ યાર્ડના સૂત્રોએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્ર, મદ્રાસ, ભાવનગર અને હળવદ તરફથી આવતા લીંબુના જથ્થાની આવકો વધતા જથ્થાબંધ ભાવમાં ઘટાડો નોંધાયો છે. આજે રાજકોટ યાર્ડમાં પ્રતિ મણ લીંબુમાં રૂ.૨૮૦૦-૪૧૦૦ના ભાવે કામકાજ થયા હતા. છૂટક માર્કેટના સૂત્રો કહે છે કે, દસ દિવસ પહેલા લીંબુના પ્રતિ કિલોના ભાવ રૂ.૪૦૦ની ઊંચી સપાટીએ અથડાઇ ગયા હતા, આજે કવોલિટી મુજબ પ્રતિ એક કિલો લીંબુનું રૂ.૧૦૦-૨૨૫ના ભાવે વેચાણ થયું હતું. ૪૦ એકર, ૧૨૦ વીઘામાં લીંબુનું ફાર્મ ધરાવતા ખેડૂતે જણાવ્યું હતું કે, લીંબુની આવક વધવા લાગી છે એટલે ભાવ ઘટી રહ્યા છે. અગાઉ ત્રણ વર્ષ પહેલા પ્રતિ કિલો માત્ર રૂ.૫માં વેચાતા લીંબુ આ વર્ષે ઉંચામાં રૂ.૪૦૦ના ભાવે વેચાયા હોય તેવું ઇતિહાસમાં પ્રથમ વખત જ બન્યું છે.

# ક્રાઇમ બ્રાન્ચમાંથી ૧૦ સહિત ૧૫ પોલીસ કર્મચારીની બદલી

## દારૂકાંડ બાદ બ્રાન્ચમાં ધરમૂળથી ફેરફાર શરૂઃ નવા કર્મીઓને નિમણૂંક આપતાં પહેલાં કામગીરી જોવાશે,પીએસઆઈની બદલીઓ થાય તેવા પણ ભણકારા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૧


સાયલા દારૂકાંડમાં ક્રાઇમ બ્રાન્ચના ચાર પોલીસ કર્મચારીઓની ધરપકડ થતાં રાજકોટ પોલીસબેડામાં સોપો પડી ગયો હતો, પોલીસ કમિશનર ખુરશીદ અહેમદે આ ઘટનાને ગંભીરતાથી લઇ ક્રાઇમ બ્રાંચ અને અલગ અલગ પોલીસ સ્ટેશનના ડી.સ્ટાફમાં ફરજ બજાવતાં અને અગાઉ વિવાદમાં સપડાયેલા કર્મચારીઓની બદલીનો ઘાણવો કાઢ્યો હતો. ક્રાઇમ બ્રાન્ચમાં ફરજ બજાવતાં બિપીન રતિદાન ગઢવી, કરણ પ્રવીણ મારૂ, જયેશ પરષોત્તમ નિમાવત, વિક્રમ સતા ગમારા, સંજય વરજાંગ ચાવડા, ચેતનસિંહ વનરાજસિંહ ચુડાસમા, સિદ્ધરાજસિંહ નિરૂભા જાડેજા, પુષ્પરાજસિંહ હિતેન્દ્રસિંહ જાડેજા, ભગીરથસિંહ જશવંતસિંહ અને મહેશ મંડને ક્રાઇમ બ્રાન્ચમાંથી હટાવી દીધા હતા. આ ઉપરાંત અન્ય પાંચ પોલીસ કર્મચારીઓની પણ તેના પોલીસમથકમાંથી બદલી કરી દેવામાં આવી હતી. ઉપરાંત બીજી બાજુ હજુ પણ અનેકની બદલી તોળાઈ રહી છે ત્યારે તેમની પડનારી ખાલી જગ્યા ઉપર જે કર્મચારીને ક્રાઈમ બ્રાન્ચમાં મુકાશે તેનો સૌથી પહેલાં તો આગળનો અને પાછળનો ઈતિહાસ સંપૂર્ણ રીતે ચકાસ્યા બાદ જ નિમણૂંક આપવામાં આવશે. જરા અમથી પણ શંકા લાગશે એટલે તેને ક્રાઈમ બ્રાન્ચમાં મુકવાનું જોખમ પોલીસ અધિકારીઓ લેવા માંગતા ન હોય આ મામલે કાચું કપાવા દેવાશે નહીં. બીજી બાજુ એવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે કે ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતાં અમુક પીએસઆઈની બદલીઓ પણ થઈ શકે છે. જો કે અત્યારે કોની બદલીઓ કરવી અને કોને ક્રાઈમ બ્રાન્ચમાં યથાવત રાખવા તેને લઈને મંથન ચાલી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાયલાથી દારૂ ભરેલા કન્ટેનર સાથે ડ્રાયવરનું અપહરણ કરવાના ગુનામાં ક્રાઈમ બ્રાન્ચના મહિલા પીએસઆઈ ભાવના કડછા ઉપરાંત હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ઝાલા, સુભાષ ઘોઘારી અને કોન્સ્ટેબલ દેવા ધરજીયાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. અગાઉ કથિત તોડકાંડને કારણે રાજકોટના પોલીસ કમિશનરની બદલી કરી નાખવામાં આવી હતી તો બાકીનાઓને સસ્પેન્ડ કરી નાખવામાં આવ્યા હતા. આ પછી ક્રાઈમ બ્રાન્ચમાં સુધારો કરવા માટે નવા પીઆઈને નિમણૂંક આપવામાં આવી હતી તો ડીસીપી ક્રાઈમ તરીકે પાર્થરાજસિંહ ગોહિલને નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ અધિકારીઓએ ચાર્જ સંભાળ્યા બાદ ખરડાયેલી છબી સુધારવા પ્રયત્નો પણ શરૂ કરી દીધા હતા પરંતુ બ્રાન્ચમાં રહેલો અમુક તેમની મહેનત ઉપર પાણી ફેરવવા માટે મથી રહ્યો હોય તેવી રીતે આબરૂને જોરદાર ધક્કો મારી દીધો છે જેના કારણે દોઢેક મહિનાની અંદર જ આઠ જેટલા કર્મચારીઓ સસ્પેન્ડ થઈ ગયા છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs. +5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# શાપર (વેરાવળ) માં બાળક સાથે અધમ કૃત્ય આચરનાર નરાધમને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા

## ગોંડલની પોક્સો અદાલતનો ઉદાહરણરૂપ અને ઐતિહાસિક ચુકાદોઃ બાળકનાં માનસપટ્ટ પર ગંભીર અસર કરતી આવી ગુનાહિત પ્રવૃત્તિને માફ કરી શકાય નહીંઃ પોક્સો જજનાં આકરા તારણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૧

રાજકોટ જિલ્લાનાં કોટડાસાંગાણી તાલુકાનાં શાપર (વેરાવળ) ની હદમાં આવેલા એક કારખાનામાં નોકરી કરતા નેપાળી કામદારનાં સાત વર્ષનાં માસુમ બાળકનું અપહરણ કરી જઈ તેની સાથે સૃષ્ટિ વિરોધનો ગુનાહિત કૃત્ય આચરનારા આરોપીને ગોંડલની પોક્સો અદાલતે ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. પોક્સો જજ વી.કે.પાઠકે આ ગુના બદલ આરોપીને તકસીરવાદ ઠરાવી ખૂબ જ ઉદાહરણરૂપ અને ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. પોક્સો જજે સ્પષ્ટ ટકોર કરી હતી કે, આવી ઘટનાઓથી માસુમ બાળકનાં માનસપટ્ટ પર ઘેરી અને ગંભીર અસર પહોંચી હોવાના ભૂતકાળમાં પણ દાખલા બન્યા છે. આવા ગંભીર ગુનાહિત કૃત્ય આચરનાર આરોપીને ક્યારેય માફ કરી શકાય નહીં. અન્યથા સમાજમાં ક્રિમીનલ સાઇકોલોજિ ધરાવતી વ્યક્તિઓને પ્રોત્સાહન મળશે અને રાજ્ય તથા દેશમાં વસતા માસુમ બાળકોની સલામતી જોખમાશે.

આ કેસની વિગત એવી છે કે, ગત તા.૧૬/૨/૨૦૨૧ નાં રોજ શાપર (વેરાવળ) નજીકની હદમાં જીઆઈડીસી માં નોકરી કરતા એક કામદારનો સાત વર્ષનો માસુમ બાળક રાત્રીનાં સમયે તેની ઓરડી પાસે રમતો હતો. એ સમયે ત્યાંથી નીકળતા દિલીપ જવાહરલાલ સરોજ (મૂળ રહે. ઉત્તરપ્રદેશ) બાળકનું અપહરણ કરી ગયો હતો અને દર્શન સ્ટોરેજ કારખાનાની ઓફીસમાં લઇ જઈ આ માસુમ બાળક સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચર્યું હતું. બાળકે આ અંગે પિતાને જાણ કરતા બાળકનાં પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. શાપર (વેરાવળ) પોલીસે આરોપી દિલીપ જવાહરલાલ સરોજની ધરપકડ કરી હતી અને ઊંડી તપાસ બાદ ગંભીર ગુનાનું ચાર્જશીટ પોક્સો અદાલતમાં રજુ કર્યું હતું.

આ કેસમાં સરકારી વકીલ ધનશ્યામ કે ડોબરિયાએ સરકાર તરફથી આરોપી વિરૂધ્ધનાં દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા. કેસની કાર્યવાહીમાં કુલ ૯ સાક્ષીઓને તપાસવામાં આવ્યા હતા. સરકારી વકીલ ડોબરિયાએ સાત વર્ષનાં બાળક પાસેથી કુનેહપૂર્વક અને ધીરજ સાથે સમગ્ર ઘટના ક્રમની હકીકતો જાણી નામદાર અદાલત સમક્ષ મૂકી હતી. આ રીતે એક સક્ષમ પુરાવા રૂપે બાળકનાં મોઢે ઘટનાક્રમ રજુ કરાવવામાં સફળતા મેળવી હતી. ભોગ બનનાર બાળકની જુબાની તથા બાળકનાં પિતા અને માતાની જુબાની, ડો.જયદીપભાઈ ભીમાણી, ડો.ઔહમ દેસાણી, તપાસનીશ પીઆઈ સંજયસિંહ મહિપતસિંહ જાડેજાની જુબાનીને અદાલતે એમ ગ્રાહ્ય રાખી હતી. સરકારી વકીલ ઘનશ્યામ ડોબરિયાએ પણ સચોટ, ધારદાર અને અર્થસભર દલીલો કરી હતી. તમામ પુરાવા અને જુબાની ધ્યાનમાં લઈને પોક્સો જજ વી.કે.પાઠકે આ ગુનાનાં આરોપી દિલીપ જવાહરલાલ સરોજ (હાલ રહે. પડવલા- કોટડાસાંગાણી તાલુકો, મૂળ રહે. યુપી) ને તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફરમાવવાનો ઐતિહાસિક હુકમ કર્યો હતો. બાળકો સામે અપરાધ કરનાર ખૂબ જ ગુનાહિત અને વિકૃત માનસનાં અપરાધીઓમાં ધાક જન્માવતો ગોંડલ પોક્સો અદાલતનો આ ચુકાદો ખૂબ જ અનુકરણીય બની રહ્યો છે.(૨.૧૨)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.